# જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 32

JAGRUTI SANDESH

Vol 15 Issue No. 9 - Mumbai SEPTEMBER 2015

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



Chheda®
dry fruits

વેસ્ટર્ન સબર્બના સ્વાદ શોખીન જનતા માટે નવું નજરાણું !

# છેડા ડ્રાઈફ્રુટસ્® (સેન્ટ્રલ માટુંગા)ની
## વિલેપારલા (પૂર્વ) માં સ્થાપના

A-5, Agrawal Market, Opp. Dinanath Mangeshkar Hall,
Vileparle (E), Mumbai - 400 057.
Tel.: 4013 1818 / 4014 1818 • Mob.: 88280 10309
E-mail : chhedadryfruits57@gmail.com

**Harish Savla & Chetan Chheda**

*''ધરતીનો છેડો જો ઘર હોય... તો ....*
*પેટની તંદુરસ્તીનું રાઝ ડ્રાઈફ્રુટસ્ હોઈ શકે !''*

જી હા ! સ્વાદિષ્ટ સારો ને ચોખ્ખો સૂકો મેવો ખાઈયે
તો તન અને મનની તંદુરસ્તી વધે જ છે !
કહેવાય છે કે - An idea can change your life !!
સ્વાદ, શુધ્ધતા અને સેવાની કસોટીમાં પ્રથમ નંબરે પાર ઉતરનાર
**છેડા ડ્રાઈફ્રુટસ્ - માટુંગા અને વિલેપારલા (પૂર્વ)** માં એક એવું વિશ્વસનીય સ્થળ છે,
જયાંથી ખરીદાયેલ પ્રત્યેક વસ્તુ આરોગ્યવર્ધક ચોખ્ખી - શુધ્ધ - સ્વાદિષ્ટ અને
વ્યાજબી ભાવમાં મળે છે !
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોએ નાના-મોટા ફેન્સી પેકીંગમાં
ડ્રાયફ્રૂટ્સ - મીઠાઈઓ - ચોકલેટસ પેક કરી આપવામાં આવશે.

We will undertake processing of your home made edible material
by DEHYDRATION & VACCUM PACKING.



# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેશ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી પ્રવીણ એ. શાહ | શ્રી રવજી જી. ગાલા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી રમેશ એમ. સંઘવી |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



**છૂટક મૂલ્ય રૂા.૫/-** **વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**


## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

આ લખાઈ રહ્યું છે ત્યારે જૈનોનાં પર્વ-ચાતુર્માસનો પ્રારંભ થઈ ગયો. પૂ. સાધુ-સાધ્વીજીઓ ઉપાશ્રય-સ્થાનકોમાં ચાર મહિના માટે સ્થિર થઈ ગયાં. દરેક જૈનો ધર્મમય બની ગયા છે. મારું એવું નિરીક્ષણ છે કે કેટલાક સમયથી યુવાનો-બાળકો વગેરેને ધર્મ પ્રત્યે આકર્ષી ઉપાશ્રયો કે સ્થાનકો સુધી લઈ આવવા અને તેઓને ધર્માભિમુખ કરવામાં કેટલાક ગુરુદેવો સફળ થયા છે. પહેલાં નિવૃત્ત વયસ્કોથી જ શોભતાં ધર્મસ્થાનકોમાં હવે યુવાનોની હાજરી ખાસ ધ્યાન ખેંચે છે. આ બહુ જ સૂચક છે.

ધાર્મિક શિબિરો યુવાધનથી છલકાઈ રહી છે. યોગ્ય સમયે ઘરે ન પહોંચી શકતા જૈનો માટે મુંબઈ જેવા મહાનગરમાં ચૌવિહાર હાઉસ ખૂલ્યાં છે જ્યાં દરરોજ સેંકડો જૈન યુવાનો ચૌવિહાર કરે છે. આ સૂચવે છે કે વર્તમાનમાં ધર્મનો પ્રભાવ વધ્યો છે. અલગ અલગ પ્રકારની કેટલીય તપસ્યા બહેનો અને બાળકો કરી રહ્યાં છે એવા ઠેરઠેરથી સમાચાર આવી રહ્યા છે. યોગાનુયોગ કહી દઉં કે આ ચાતુર્માસ દરમિયાન માસખમણ કે એથી વધારે ઉગ્ર તપસ્યા કરનાર જેજેસી સભ્યો તેમના પ્રમુખ મારફત સેન્ટ્રલ બોર્ડને નોંધ તથા ફોટો મોકલાવી આપે તો તેની વિગત 'જાગૃતિ સંદેશ'માં આપવામાં આવશે.

એક વાત મારે કરવી છે. કર્મરૂપી આંતરશત્રુને જીતીને સમતા અને જયણા ધારણ કરનાર જૈન છે. એક જ ભગવાન, એક જ ધર્મ, એક ધર્મગ્રંથ (આગમ)ને માનનારા અલ્પસંખ્યક જૈનોમાં આટલા બધા વિવિધ ફાટા, ફિરકા અને વિરોધાભાસ કેમ છે તે સમજાતું નથી. મૂળમાં જે એક જ હતું તેમાં વિવિધ મતમતાંતર કેમ ઉત્પન્ન થયા તે અભ્યાસ કરવો જરૂરી છે અને અભ્યાસ કરી ફરી એક થવાના ઉપાય શોધી તેનો અમલ કરવો ખૂબ જ આવશ્યક બની ગયું છે. બધા જ ફિરકાઓમાં અનેક ધર્મગુરુઓ આગમ વિશે, મહાવીરસ્વામીના સિદ્ધાંતો વિશે અપાર જ્ઞાન ધરાવે છે, પણ જૈનોને ફરી વાર એક કરવાનો પ્રયત્ન કરવાની વાત આવે ત્યારે કોઈ અંતરાય આવી જાય છે!

જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોમાં અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ પૈકી અહિંસા દરેક જૈનોએ જીવનમાં જન્મથી જ

સ્થાપિત કરી લીધેલી હોય છે. અહિંસાના આવિષ્કારથી જીવનમાં સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની ભાવના ઉત્પન્ન થાય છે.

તે જ રીતે અપરિગ્રહ વિશે પણ જૈન ધર્મમાં નક્કર આલેખન (દર્શન) કરવામાં આવ્યું છે. આવતી કાલ માટે – ભવિષ્ય માટે વિપરીત સંજોગોમાં જીવન ટકાવવા વ્યાવહારિક રીતે વિવેકબુદ્ધિજન્ય પરિગ્રહ ત્યારે જ પાપ બને જ્યારે તેમાં મોહ-માયા-આસક્તિ અને વિવેકહીનતાથી કટ્ટર માલિકીભાવ અભિપ્રેત થાય. જૈન કૂળમાં અહિંસાની જેમ જ અપરિગ્રહ પણ જૈનોના જીવનમાં કંડારાઈ ગયો છે.

જૈન દર્શનનો ત્રીજો આધારસ્તંભ સિદ્ધાંત અનેકાંતવાદ અતિસૂક્ષ્મ માનસશાસ્ત્ર આધારિત છે. ક્ષમાપનાની જેમ જૈન દર્શને વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે જે વિશ્વને 'વિશ્વશાંતિ' તરફ પ્રેરે છે. સનાતન સત્યને હીરાની જેમ અનેક પાસાં હોય છે. કોઈ પણ વસ્તુવિષય બાબત આપણા મત ઉપરાંત બીજાનો મત કે દૃષ્ટિકોણ પણ સાચા હોઈ શકે તે સ્વીકારી લઈએ તો અવિવેક, પૂર્વગ્રહ, ગજગ્રાહનો કોઈ જ અવકાશ રહેશે નહીં. દરેક જણ બીજાના અભિપ્રાય પ્રત્યે સહિષ્ણુ બને અને જે તે વિષયને બીજાની દૃષ્ટિએ જુએ તો જગત વિશ્વશાંતિના દ્વારે પહોંચી જાય.

આદિકાળથી જૈન તીર્થંકરોએ પ્રરૂપેલા જૈન દર્શનના આ સિદ્ધાંતથી જગત અજાણ હતું. ચિકાગો ખાતે ભરાયેલી વિશ્વ ધર્મ પરિષદમાં શ્રી વીરચંદ ગાંધીએ આ સિદ્ધાંતને પ્રતિપાદિત કર્યો ત્યારે વિશ્વભરમાંથી આવેલા અન્ય ધર્મના ડેલિગેટ્સ આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

બીજા દિવસે વિશ્વભરનાં અગ્રગણ્ય વર્તમાનપત્રોએ આની નોંધ લીધી ત્યારે વિશ્વને જૈન ધર્મની ફિલોસોફીનો પરિચય થયો.

મારે જે કહેવું છે તે લખવા માટે આટલી પૂર્વભૂમિકા બાંધવી જરૂરી હતી. મારો પ્રશ્ન એ છે કે આપણે એક હોવા છતાં અનેક કેમ છીએ? અને અનેકમાંથી એક થતા કોણ રોકે છે? જગતભરને આપણે જ અનેકાંતવાદનો સંદેશો આપીએ છીએ. એકાંતવાદને જાકારો આપી આપણે વિશ્વને શાંતિ તરફ દોરી જવાનું મિશન હાથ લેવું જોઈએ તેના બદલે આપણે જૈનો મતમતાંતરમાં કેમ અટવાઈ ગયા છીએ!

અભ્યાસ કરીએ તો જાણવા મળે છે કે વિશ્વના દરેક ધર્મમાં, વિચારધારામાં, માન્યતામાં અસંખ્ય મતમતાંતરો છે. હિંદુ ધર્મ સૌથી પ્રાચીન હોવાથી, તેમાં અસંખ્ય ફાટા-પંથ છે. શિવપંથી, વિષ્ણુપંથી, બ્રહ્માપંથી કે શક્તિપંથી અને તેના પણ પેટાફાટાઓ! બુદ્ધ ધર્મના પણ બે મુખ્ય ફિરકા હીનયાન અને મહાયાન, તેવી જ રીતે ખ્રિસ્તી ધર્મમાં પણ રોમન કેથોલિક, સિરિયન અને પ્રોટેસ્ટન્ટ મુખ્ય ફાટા છે અને ઈસ્લામમાં પણ શિયા અને સુન્ની વિશે આપણે જાણીએ છીએ. મતલબ કે વિચારધારામાં ફરક પડે તે કુદરતનો ક્રમ છે.

આપણા જૈનમાં પણ મુખ્ય દિગંબર અને શ્વેતાંબર છે. પંચાંગમાં ગણતરીમાં ફેર હોવાથી તિથિઓ અલગઅલગ દિવસે આવે તે વાજબી નથી. સમતેશિખરજી જેવા યાત્રાસ્થળ માટે કોર્ટમાં જઈ ૫૦/૫૦ વર્ષ સુધી આમનેસામને ઝઘડવું તે જૈનો માટે શોભાસ્પદ નથી. આપણી એકતા તૂટી જાય છે અને આપણો અવાજ રાષ્ટ્રીય તખતા પર બુલંદ બનતો નથી.

માટે જ જૈન જાગૃતિ સેન્ટર જેવી સંસ્થાની અત્યારના સમયમાં ખાસ જરૂર છે જે આ બધા વાડાને ભેદીને એક જ તખતો બનાવે છે. જય હો!

અત્યારે જ્યારે આપણો દેશ ચારેય બાજુથી શત્રુઓથી ઘેરાયેલો છે ત્યારે આવું Disintirationનું પગલું આપણને ભારે પડશે, પણ આવી દીર્ઘદૃષ્ટિ અત્યારના કયા રાજપુરુષ પાસે છે? અત્યારે આપણને સરદાર પટેલ જેવા લોખંડી માનવની જરૂર છે જે જરૂર પડ્યે અબ્રાહમ લિંકનની જેમ દૃઢ મનોબળથી (આંતર) યુદ્ધ જેવા કડક પગલાં ભરી દેશને અખંડ રાખે.

આપણે આત્મચિંતન કરવાની જરૂર છે કે આપણે ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધ બાદ ગુલામીની જંજીરમાં કેમ જકડાઈ ગયા? આપણે જરૂર પડ્યે ખૂબ જ કડક પગલાં ભરવાં પડે. આપને યાદ હશે કે અમેરિકાને અખંડ રાખવા અબ્રાહમ લિંકનને કે ચીનને એક કરવા માઓ ત્સે તુંગને પણ આંતરયુદ્ધનો નિર્ણય લેવો પડેલ. જે કાંઈ પણ હોય, પણ ભારતને હવે ઉદ્દામ નેતાની જરૂર છે,

નહીંતર ભારતના અનેક ભાગલા પડી જશે. ભગવાન આપણી રક્ષા કરે. જય હો!

અગાઉ જણાવ્યા મુજબ હાયર ઍજ્યુકેશન અભિયાન-૨૦૧૫ અન્વયે દર મંગળવાર-ગુરુવાર અને શનિવારે એપ્લિકેશન કરનારાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના ઈન્ટરવ્યૂ લઈને તુરત જ સહાય-ચેક આપવાનું શરૂ થઈ ચૂક્યું છે. બીજા છેડે મુંબઈનાં દરેક સેન્ટરમાં સેન્ટ્રલ બોર્ડ અપીલ લઈને જાય છે તેને સભ્યો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે, પણ અગાઉનાં વર્ષોમાં જે વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલી અને હજી તેમનો અભ્યાસ પૂર્ણ નથી થયો તેવા વિદ્યાર્થીઓને આ વર્ષે પણ અભ્યાસ પરિપૂર્ણ કરવા Repeat સહાય આપવાની છે, ઉપરાંત નવી એપ્લિકેશન્સ પણ સહાય માટે આવી રહી છે, તેને પણ Consider કરવાની છે. એ હિસાબે આ વર્ષે આપણને વધારે રકમની જરૂર પડી રહી છે. મારી દરેક સેન્ટરના સભ્યો, પદાધિકારીઓ તથા દાતાઓને વિનંતી છે કે ગયા વર્ષે આપે આપેલા ફાળામાં થોડો વધારો કરીને રકમ મોકલાવશો જેથી આપણું અભિયાન વિનારોક ચાલુ રહે.

દરેક સેન્ટરને આ અભિયાનને લગતી C.D. તથા સાહિત્ય (Statastics) મોકલાવેલ છે. પ્રમુખ-સેક્રેટરી આ C.D. તેમના સભ્યો તથા શહેરના અન્ય શ્રેષ્ઠીવર્ય અને દાતાઓને બતાવી આ અભિયાનની પુષ્ટિ કરે અને વધારે ને વધારે ફંડ એકત્ર કરે.

મહારાષ્ટ્રના ઉદ્ધવશ્રીએ પાછાં ગંભીર અડપલાં ચાલુ કર્યાં છે. તેમાં તેમની બહાદુરી નથી, પણ મૂર્ખાઈ છે. ચાતુર્માસના પુણ્ય દિવસો છે એટલે વધુ નથી લખતો, પણ ભગવાનને પ્રાર્થના કરું છું કે ઉદ્ધવજીને સદ્‌બુદ્ધિ આપે.

છેલ્લા બબ્બે મહિનાથી આરામ ફરમાવી રહેલા મેઘરાજાને હવે કહેવાનું મન થાય છે – 'અતિથિ તુમ કબ આઓગે?' બસ હવે આવજો ઑક્ટોબરના અંતમાં અને અમારા બધાંય સરોવરોને છલકાવી દેજો, પછી અમે કહીશું 'પુઢચ્યા વર્ષી લૌકર યા.'

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# કેટલાક રસપ્રદ આંકડા

**જૈન જાગૃતિ સેન્ટર, સેંટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**
**ઉચ્ચ શિક્ષણ અભિયાન અન્વયે**
**થયેલ સહાયના આંકડા**
**(તા. ૧૦-૯-૨૦૧૫ સુધીના)**

કુલ ૫૯૯૦ વિદ્યાર્થીઓને રૂા. ૩૪.૭૫ કરોડની સહાય

૨૦૧૫માં ૨૭૪ વિદ્યાર્થીઓને આપેલી સહાય રૂા. ૩.૫૯ કરોડ.

એટલે કે અત્યાર સુધીમાં ૬૨૬૪ વિદ્યાર્થીઓને રૂા. ૩૮.૩૫ કરોડની સહાય અપાઈ છે.

આમાંથી ફૉરેન ગયેલા કુલ ૮૨૯ વિદ્યાર્થીઓને રૂા. ૧૫.૦૫ કરોડ આપવામાં આવ્યા છે. એટલે કે રૂા. ૨૩૫૦૦૦ વિદ્યાર્થી દીઠ આપવામાં આવ્યા છે.


**જૈન સમાજનાં વડીલો આટલુ જરૂરથી વાંચશો.....**

જૈન સમાજનાં દિકરા દીકરીઓની પસંદગીનાં પાત્રો પીરસતી www.jainswayamvar.com જે વેબસાઈટ ઉપર ૨૦૦૦ થી વધુ જૈન પાત્રો ઉપલબ્ધ છે. જે જૈન સમાજને સાંકળી રાખે છે અને જૈન સમાજનાં લગ્નો ઉત્સુક પાત્રની પસંદગી કરાવી આપે છે. જૈન સમાજનાં ઉમેદવારે બીજા સમાજમાં નજર દોડાવવાની જરૂર રહેતી નથી.

www.jainswayamvar.com દ્વારા આપની પસંદગીનાં પાત્રો ઝડપથી અને સહેલાઈથી મળી રહેશે. જેમાં દશા, વીશા, કાઠીયાવાડી, ઝાલાવાડી, ઘોઘારી, શ્વેતામ્બર, સ્થાનકવાસી, દિગમ્બર, તેરાપંથી તેમજ દરેક જૈન સમાજની સાથે રહીને www.jainswayamvar.com કાર્ય કરે છે જેથી દરેક પાત્રોની પસંદગી સારી રીતે થઈ શકે www.jainswayamvar.com વેબસાઈટ ઉપર દરેક ઉમરનાં પાત્રો આવે છે કારણ કે www.jainswayamvar.com ફક્ત જૈન સમાજની વેબસાઈટ છે તેથી મન મૂકીને કાર્ય કરવા પ્રોત્સહિત બને છે.

આપ આપનાં દિકરા-દીકરી, સગાવહાલા, મિત્રોગૃપમાં જણાવી www.jainswayamvar.com ઉપર ફ્રી રજીસ્ટ્રેશન કરાવી શકો છો.

''આપનું ફ્રી રજીસ્ટ્રેશન પણ કોઈક ઉમેદવારની પસંદગી હશે.''

તમારા જીવનસાથી વેબસાઈટ ઉપર આપની રાહ જોઈ રહયા છે, તમે કેમ બાકી છો !!

જૈનો માટે જૈન દ્વારા ચાલતી વેબસાઈટ www.jainswayamvar.com

તમે પણ એક વખત વેબસાઇડની અવશ્ય મુલાકાત લેશો....

જૈન સમાજનાં ૨૦૦૦ પાત્રો માંથી રૂા. ૧૨૦૦/- માં જીવનસાથી ની પસંદગી કરો

**ઉમેદવારનાં મોબાઇલ નંબર સાથેની વેબસાઇટ**

**FREE REGISTRATION ON**

**www.jainswayamvar.com**

**Mobile: +91 98255 50670**

રોજે રોજનાં નવા નવા રજીસ્ટ્રર થયેલ બાયોડેટા જોવાનું ચુકશો નહિ.

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧૦-૮-૧૫ | 'મમ્મી મારી યમુના અમે એના નમૂના' - નાટક | ◈ |
| | | ૨૬-૮-૧૫ | 'કોઈ ભીંતેથી આયના ઉતારો' - નાટક | ◈ |
| ● એલિજબ્રિજ | : | ૧૬-૮-૧૫ | 'દોસ્ત હું ગુજરાત છું' – મ્યુઝિકલ શો | ✦ |
| ● બોરીવલી | : | ૧૧-૮-૧૫ | 'ગમતીલાં ગુજરાતી ગીતોની એક મનગમતી સાંજ' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● ભુજ | : | ૦૯-૮-૧૫ | 'અબજા બાપાની છતેડી' - પિકનિક | ★ |
| ● ચેમ્બુર | : | ૧૦-૮-૧૫ | 'હલે તગડો નકાંભર લડો' - નાટક | ◈ |
| | : | ૧૭-૮-૧૫ | 'બા તને હું ક્યાં રાખું' - નાટક | ★ |
| | : | ૩૧-૮-૧૫ | 'PHANTOM' - ફિલ્મ | ◈ |
| ● દાદર | : | ૦૯-૮-૧૫ | 'જિંદગી એક સફર હૈ સુહાના' - નાટક | ◈ |
| | : | ૨૪-૮-૧૫ | 'ગામડે ગામડે ગૌશાળા' - નાટક | ◈ |
| ● દહિસર | : | ૨૫-૮-૧૫ | 'ધ વેઈટિંગ રૂમ્સ' - નાટક | ◈ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૧૯-૮-૧૫ | 'બા તને હું ક્યાં રાખું' - નાટક | ◈ |
| | : | ૨૫-૮-૧૫ | 'મેરી આવાજ હી પહચાન હૈ' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● જેમ જગડુશા | : | ૦૧-૮-૧૫ | 'આજ જાને કી જીદ ના કરો' | ◈ |
| | : | ૦૫-૮-૧૫ | `DRISHYAM' - ફિલ્મ | ◈ |
| | : | ૩૧-૮-૧૫ | 'બૉલીવૂડ રોકસ્ટાર' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● જુહુ | : | ૦૩-૮-૧૫ | 'રૂપ તેરા મસ્તાના' ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | - | `DRISHYAM' - ફિલ્મ | ◈ |
| | : | - | 'બા તને હું ક્યાં રાખું' - નાટક | ◈ |
| ● જુહુ બીચ | : | ૦૨-૮-૧૫ | 'જિંદગી એક સફર હૈ સુહાના' - નાટક | ✦ |
| | : | ૧૩-૮-૧૫ | 'મેરી આવાજ હી પહચાન હૈ' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૨૦-૮-૧૫ | 'બા તને હું ક્યાં રાખું' - નાટક | ◈ |
| ● લે.વિં. મુંબઈ ઈસ્ટ | : | ૧૨-૮-૧૫ | `I Love My Matrubhasha' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● માંડવી | : | ૧૫-૮-૧૫ | 'અંતાક્ષરી ગેમ શો' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● મુંબઈ | : | ૨૫-૮-૧૫ | 'કોઈ ભીંતેથી આયના ઉતારો' - નાટક | ◈ |
| ● મોરબી | : | ૧૪-૮-૧૫ | 'પંચતીર્થ યાત્રા પ્રવાસ' - પ્રવાસ | ★ |
| ● મુલુંડ | : | ૨૧-૮-૧૫ | 'બા તને હું ક્યાં રાખું' - નાટક | ◈ |
| ● નવી મુંબઈ | : | ૨૦-૮-૧૫ | 'કોઈ ભીંતેથી આયના ઉતારો' – નાટક | ◈ |
| ● | : | ૨૧-૮-૧૫ | 'અલખને ઓટલે' - ડાયરો | ◈ |
| ● નોર્થ ઈસ્ટ | : | ૦૪-૮-૧૫ | 'આજ જાને કી જીદ ના કરો' | ◈ |
| | : | ૦૬-૮-૧૫ | `DRISHYAM' - ફિલ્મ | ◈ |
| ● પેડર રોડ | : | ૩૦-૮-૧૫ | `PHANTOM' - ફિલ્મ | ◈ |
| ● રજવાડી | : | ૦૫-૮-૧૫ | 'ધ વેઈટિંગ રૂમ્સ' - નાટક | ◈ |
| | : | ૨૫-૮-૧૫ | 'મેરી આવાજ હી પહચાન હૈ' - ઑર્કેસ્ટ્રા | ◈ |

| | | | | |
|---|---|---|---|---|
| ● રોયલ જગડુશા | : | ૦૩-૮-૧૫ | ‘આજ જાને કી જીદ ના કરો’ | ◈ |
| | : | ૦૪-૮-૧૫ | `DRISHYAM' - ફિલ્મ | ◈ |
| | : | ૨૧-૮-૧૫ | ‘UNPLUGGED બૉલીવૂડ નાઈટ’ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૨૪-૮-૧૫ | ‘શ્રી શત્રુંજય ભાવયાત્રા’ | ★ |
| | : | ૩૧-૮-૧૫ | `PHANTOM' - ફિલ્મ | ◈ |
| ● શિવાજી પાર્ક | : | ૦૩-૮-૧૫ | ‘ગુણુભાઈએ ગામ ગજાવ્યું’ - નાટક | ◈ |
| | : | ૩૧-૮-૧૫ | ‘બા તને હું ક્યાં રાખું’ – નાટક | ◈ |
| ● ઉપલેટા | : | ૧૬-૮-૧૫ | ‘નવકાર મહામંત્ર જાપ’ | ★ |
| ● વાપી | : | ૦૮-૮-૧૫ | ‘મ્યુઝિકલ પ્રોગ્રામ’ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૧૬-૮-૧૫ | ‘બ્રધર્સ’ - ફિલ્મ | ◈ |
| ● વિલે પાર્લે | : | ૧૦-૮-૧૫ | ‘બા તને હું ક્યાં રાખું’ - નાટક | ◈ |
| | : | ૧૭-૮-૧૫ | ‘શેઠ મોતીશા’ - નાટક | ◈ |
| | : | ૨૩-૮-૧૫ | ‘મહાબળેશ્વર’ - પ્રવાસ | ★ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

# પર્યુષણ એટલે...

- ♦ જે મારા અને પરમાત્મા વચ્ચેનું અંતર ઘટાડે તે પર્યુષણ.
- ♦ જે પરિવર્તન લાવે તે પર્યુષણ.
- ♦ જે મને મારા અહમ્‌થી મુક્ત કરાવે તે પર્યુષણ.
- ♦ આત્માની શુદ્ધિનું પર્વ એટલે પર્યુષણ.
- ♦ પરમાત્માને પ્રેમ કરવાનો પાવન પ્રસંગ તે પર્યુષણ.
- ♦ અંતરના અણગમાને ક્ષમાના જળથી ધોવું તેનું નામ પર્યુષણ.
- ♦ અંતરના પ્રદૂષણને દૂર કરી પ્રસન્નતાને પામવાનું પર્વ તે પર્યુષણ.
- ♦ આત્માના ઊંડાણમાં જઈ આત્મ આક્રંદ કરવાનો અવસર તે પર્યુષણ...
- ♦ જ્યારે જાતનું નિરીક્ષણ થાય ત્યારે પર્યુષણની શરૂઆત થાય.
- ♦ બાળક બનીને પરમાત્મા પાસે જવાનો અવસર એટલે પર્યુષણ.
- ♦ શંકાઓ અને સંશયોનું સમાધાન કરાવે એ પર્યુષણ.
- ♦ આત્મશુદ્ધિ સાથે સંબંધોની શુદ્ધિ કરાવતું પર્વ એટલે પર્યુષણ.
- ♦ જીવનનું પરિવર્તન કરાવવાનો પ્રયોગ તે પર્યુષણ.
- ♦ ગુરુઆજ્ઞા પ્રમાણે આરાધના કરી આત્મકલ્યાણ કરવાનો અમૂલ્ય અવસર તે પર્યુષણ.
- ♦ વધુ ને વધુ સમય સાધના કરી કર્મની નિર્જરા કરવાનો સમય તે પર્યુષણ.
- ♦ પ્રેમની, મૈત્રીની, વાત્સલ્યની અને સ્નેહની સંજીવની દ્વારા આત્માને જીવંત બનાવવાની ક્ષણ તે પર્યુષણ.
- ♦ સાધનાના ભાવ અને આરાધનાના અર્ક દ્વારા આત્માની ઉન્નતિ કરવાનો અવસર તે પર્યુષણ.
- ♦ અંતરને ક્ષમાના જળથી ધોઈને નિર્મળ બનાવવા માટે છે પર્યુષણ.
- ♦ અનુમોદના કરી અંતરાય કર્મ ખપાવવાનો અવસર તે પર્યુષણ.
- ♦ અણગમતા અને અણમાનીતાને ગમતા અને માનીતા બનાવવાનું પર્વ તે પર્યુષણ.
- ♦ Formalityને Feelingsમાં Convert કરવા માટે જ છે પર્યુષણ.
- ♦ મગજમાં પડેલા વેરઝેરના ચોપડાને અંતરથી માફ કરી સાફ કરવાની ક્ષણ તે પર્યુષણ.
- ♦ આત્માની આંખ વડે આત્માનું નિરીક્ષણ કરી અંતરથી આલોચના કરવાનો અવસર તે પર્યુષણ.
- ♦ કોઈની સાથે થયેલાં મનદુઃખ કે વેરઝેરને મિચ્છા મિ દુક્કડમ કહી ખમાવીને દૂર કરવાનો અવસર એટલે પર્યુષણ.

# પર્યુષણ પર્વનો પાવન સંદેશ

■ પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.

બોલવામાં મુશ્કેલી પડે એવા ત્રણ શબ્દ : મારી... ભૂલ... થઈ...!

'શત્રુના ઘરે ન જવું' એમ નીતિ કહે છે અને 'શત્રુને મિત્ર બનાવીને જીવવું' એમ પ્રીતિ કહે છે. સંસારી નીતિને અનુસરે છે, જ્યારે સંત પ્રીતિને અનુસરે છે.

પર્વાધિરાજ પર્યુષણા પર્વના પુનિત દિવસોની પધરામણી એટલે આત્માની ઓળખના દિન! પરમાત્માની સમીપે જવાનું પર્વ! મનના પ્રદૂષણને દૂર કરવાનો અવસર!

પર્યુષણ પર્વ એ આઠ અંકી નાટક નથી મોટાઈ બતાવવાનું, કીર્તિ રળવાનું કે મિથ્યાભિમાન કરવાનું ટાણું નથી. આત્માના શુદ્ધ ભાવ તરફ પ્રયાણ કરવાના અને અશુભ ભાવ દૂર કરવા માટે પર્વના પાવન દિવસો છે.

પર્વમાં તપ ન થાય તો ચાલશે, પણ મગજનો તાપ તો નહિ જ ચાલે!

જે વિદ્યાર્થીએ વર્ષભર મહેનત કરી હોય, વાંચી લીધું હોય તેને પરીક્ષા નજીક આવે તેમ આનંદ વધતો જાય. સાધકને પણ સંવત્સરી મહાપર્વ નજીક આવે તેમ મૈત્રીભાવ ઊભરાવા લાગે. જો સાત દિવસમાં પૂરેપૂરી તૈયારી કરી હોય તો! નહિતર પછી...

નિશાળના શિક્ષકે પોતાના ઘરે ટ્યૂશન માટે આવતા વિદ્યાર્થીઓને પરીક્ષામાં મહત્ત્વના આઈએમપી પૉઇન્ટ લખાવીને પછી પ્રશ્ન કર્યો – હવે કોઈને કંઈ પૂછવું છે?

ચબરાક સ્વીટુએ ઊભા થઈને કહ્યું :

'સર! મારા એક જ પ્રશ્નનો જવાબ આપી દો તો કામ થઈ જાય!'

ક્યો પ્રશ્ન?

એ જ કે આ પરીક્ષાના પ્રશ્નપત્રો ક્યા પ્રેસમાં છાપવાના છે? એનો ઉત્તર આપી દો તો બેડો પાર થઈ જાય.

માનવીનું મન જ ચંચળ છે. મહેનત વિના જ મોક્ષમાં પહોંચી જવું છે. જીવનની શુદ્ધિ અને આરાધના વિના વેર-ઝેરના ભાવનો સંગ્રહ શાંતિ અપાવનાર નથી.

જીવનમાં નમ્ર બનનાર વ્યક્તિને કદાચ લોકો કહેવા લાગે કે નમાલા થઈને ઝૂકી જવાની જરૂર નથી! આપણે ખમાવવાની શું જરૂર છે! આવા શબ્દોની માયાજાળમાં આવ્યા વિના એક જ લક્ષ્ય કરવાનું છે કે મારે કોઈની સાથે વેર રાખવું નથી.

સામેવાળા ખમાવે કે ન ખમાવે, જે ભૂલનો સ્વીકાર કરે છે તે જ મહાન બને છે. 'જો ઉવસમઈ અત્થિ તસ્સ આરાહણા.' જે ઉપશમભાવને ધારણ કરે છે તે આરાધક બને છે.

જીવન જીવતાં સંભવ છે કે સારા ભાવ હોવા છતાં ભૂલ થઈ જાય. આમેય બોલવામાં મુશ્કેલી પડે એવા ત્રણ શબ્દ છે : મારી ભૂલ થઈ!

માણસ અહંને છોડીને 'મારી ભૂલ થઈ!' એટલું સ્વીકારવા લાગે તો ઘરઘરમાં આનંદ છવાઈ જાય. જીભનો વેપાર ઘણો કર્યો, હવે જિગરનો વેપાર કરો. જીવનમાં જિગરનો વેપાર ચાલુ થાય ત્યારે જ જગદીશ ખુશ થાય છે! માત્ર ફરિયાદમય જીવન જીવ્યા જવાથી કોઈ ફાયદો થવાનો નથી. વાતવાતમાં ગુસ્સો કરનાર પરમાત્માની સમીપે જઈ શકતા નથી.

સાડા ચાર વર્ષનો મોન્ટુ કહે છે કે મમ્મી-મમ્મી! મારા ડેડી ઘસઘસાટ ઊંઘી ગયા છે. તું જલદી ચાલ! આપણે એમને એક ચાદરમાં બાંધીને કારની ડિકીમાં નાખીને દરિયામાં ફેંકી આવીએ. આ ડેડી સાવ નકામા છે. આખો દિવસ ગુસ્સો જ કર્યા કરે છે. ભગવાન મહાવીરની ક્ષમા અલૌકિક છે. સ્વયં સહન કરો અને બીજાની ભૂલની ક્ષમા કરો. માનવ પણ બાળસુલભ સ્વભાવનો બની જાય તો ભૂલમાંથી શૂળ ઊભા નહિ થાય અને મૈત્રીનાં ફૂલ મહેકી ઊઠશે.

*માર્ગ ભૂલેલા જીવન પથિકને*
*માર્ગ ચીંધવા ઊભો રહું,*
*કરે ઉપેક્ષા એ મારગની,*
*તોયે સમતા ચિત ધરું...*

આવી ઉદાત્ત ભાવનાઓ વૈમનસ્યતાને દૂર કરે છે. વેરનું વિસર્જન અને સ્નેહનું સર્જન એ જ પર્યુષણનો સંદેશ છે. 'સામો થાય આગ તો તમે થજો પાણી, એ છે પ્રભુ વીરની વાણી.' થોડી ક્ષણો માટે અહં અને મમનો વિચાર છોડીને અર્હ-નમની ભાવના ભાવવી. નમવું અને ખમવું એ આરાધનાનો અર્ક છે. આજના અણધાર્યા અકસ્માતના યુગમાં વેરની પરંપરા ઊભી ન રહી જાય તેની તકેદારી રાખીને મૈત્રીની તસવીર બની રહે તેનું લક્ષ્ય સ્વપ્નમાંય ભૂલવું નહિ.

જીવનની પ્રત્યેક ક્ષણોમાં ગરમ થવાને બદલે નરમ બનવાનો અભિગમ અપનાવવો. દાન-શીલ-તપ અને ભાવ ધર્મની થાય તેટલી આરાધના કરી જીવનમોતને ઉજમાળ બનાવવું.

*''દૂધ જલતા હૈ પાની જલને કે બાદ,*
*આદમી રોતા હૈ વક્ત નીકલને કે બાદ.''*

# પર્વાધિરાજનો પડકાર

■ પૂ. પ્રાણકુંવરબાઈ મહાસતીજી

જ્ઞાન અંજન આંજનાર, રત્નત્રયમાં રંજન કરાવનાર વીતરાગ પરમાત્મા ફરમાવે છે – પર્વાધિરાજના પડકારને સાંભળો. આજે પર્વાધિરાજ પર્વની પધરામણી થઈ ગઈ. તેનો પડકાર છે કે ''જાગો અને આહાર સંજ્ઞાથી આઘા ભાગો.'' માનવ અનેક જન્મથી ભાવનિદ્રામાં સૂતો છે. એવી મોહમય નિદ્રાનો જે ત્યાગ કરે એ જ જાગે. કોઈ એક જિજ્ઞાસુને પ્રશ્ન ઊઠ્યો કે શેના માટે જાગવું? સિરિયલ જોવા? ટીવી ને મૂવી નિહાળવા? નિંદાનો રસ માણવા? રસનાં રાણીને જમાડવા? કીટી પાર્ટીનો આનંદ મેળવવા? મોબાઈલમાં હાય-હલ્લો કરવા? અને ન્યૂઝ પેપરમાં મરણનોંધ વાંચવા માટે જાગવાનું? નહીં... નહીં... આવું બધું તો આ જીવે અનેક ભવમાં કર્યું, પણ પર્યુષણ પર્વમાં આત્મદેવને જગાડવા માટે જાગો.

*ધર્મીજનો સાંભળો સાંભળો પર્વાધિરાજનો પડકાર*
*સ્વાધ્યાયની શરણાઈથી પર્વાધિરાજનો કરો સત્કાર*
*પ્રત્યાખ્યાનનો પરવાનો મેળવી પર્વાધિરાજમાં બનો તદાકાર*
*વીરવાણીનું પ્રવચન સાંભળી પર્વાધિરાજમાં જપો નવકાર*

પર્વાધિરાજનો પ્રથમ પડકાર છે કે આ પવિત્ર દિવસોમાં સ્વાધ્યાયની શરણાઈ વગાડો. સ્વાધ્યાય કરવાથી દિલમાં આનંદની લહેરો ઊઠે, જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય, પર પદાર્થોને છોડીને સ્વમાં ડૂબકી મારવાની મજા આવે. સ્વાધ્યાયની મજા નરકની સજાથી બચાવે. સ્વાધ્યાય એ શ્રેષ્ઠ તપ છે. સ્વાધ્યાય એ આત્માનું અનુપમ ભોજન છે અને સ્વાધ્યાય એ ભીતરની ભોમકાને ઝળહળતી કરવાનું સાધન છે. સ્વાધ્યાયના સૂર સાંભળીને અવંતી સુકુમાર દેવના સુખને પામ્યા. હરિભદ્રસૂરિ સ્વાધ્યાયનો ધ્વનિ સાંભળીને યાકિની મહત્તરા જેવા મહાન ગુરુને પામી શક્યા.

પર્વાધિરાજનો બીજો પડકાર છે રસાસ્વાદનો ત્યાગ કરો. જે રસને છોડે એ જ તપનું આચરણ કરી શકે. તપ અંદરના કર્મરૂપી કચરાને દૂર કરે. જ્યાં સુધી કચરો નીકળે નહિ ત્યાં સુધી હૃદયરૂપી ઘર સ્વચ્છ બને નહિ-નિર્મળ બને નહિ. પરમાત્માની નજીક પહોંચી ન શકાય. સ્વાદનો ત્યાગ કરનાર આત્મા કર્મને બાદ કરીને અખંડ સુખને મેળવી શકે. પર્યુષણ પર્વમાં તપ ન થઈ શકે તો લીલોતરીનો ત્યાગ કરજો. જીવોને અભયદાન આપશો તો અભય પદને પ્રાપ્ત કરી શકશો.

પર્વાધિરાજનો ત્રીજો પડકાર છે સંગ સારો કરો, પણ કેટલીક વખત માનવ ખરાબનો સંગ ન કરે છતાં તેના દુર્ગુણ આવે છે. જેમ કે માનવે શિયાળ સાથે દોસ્તી નથી કરી તોપણ તેની લુચ્ચાઈ આવી ગઈ. વાઘની સાથે દોસ્તી નથી કરી તોપણ ક્રૂર બન્યો. સાપની સાથે દોસ્તી નથી કરી તોપણ ક્રોધના ફૂંફાડા મારવામાં પાવરધો બન્યો. ગધેડાની સાથે દોસ્તી નથી કરી તોપણ લાત મારવાનું છોડતો નથી. પર્વાધિરાજનો પડકાર કહે છે, આ મહામોંઘા પર્વમાં તમે લુચ્ચાઈને કાઢી સરળ બનો. ક્રૂરતાને કાઢી કોમળ બનો. ક્રોધને કાઢી ક્ષમાના ગુણને મેળવો. લાતને છોડી જાતને તારો. આ અમૂલ્ય અવસરે માનવજીવનને મઘમઘતું બનાવો.

પર્યુષણ પર્વ એટલે ત્યાગ અને તપનું પર્વ, પર્યુષણ પર્વ એટલે સંયમ અને સાધનાનું પર્વ, પર્યુષણ પર્વ એટલે આત્મનિરીક્ષણ અને આત્મશુદ્ધિનું પર્વ, પર્યુષણ પર્વ એટલે આત્મોદ્ધાર અને આત્મસાક્ષાત્કારનું પર્વ. પર્યુષણ પર્વનો દિવ્ય સંદેશો શીલરૂપી શીતળ પવન ધીમે ધીમે વાય અને વાતાવરણને સુગંધિત કરે એમ કર્મરૂપી કાદવથી મલિન બનેલો આત્મા સાધના, આરાધના અને ઉપાસના કરીને ધર્માત્મા, પુણ્યાત્મા, મુક્તાત્મા અને પરમાત્મા બની શકે છે.

*रस्सी को अधिक खींचने पर वह टूट जाती है।*
*अधिक हवा भरने से फूटबोल भी फूट जाता है।*
*किसी भी वस्तु की अति सदैव बुरी होती है बंधु।*
*अधिक कुसंग से आदमी की इज्जत छूट जाती है।।*

પર્યુષણ પર્વ વેરઝેર, વિરોધ, વાંધા, વિકૃતિ, વહેમ, વિષયવાસના અને વળગણનાં વાદળને વિખેરી નાખતો પ્રચંડ વાયુ છે. પર્યુષણ પર્વ પદ, પૈસો, પરિવાર, પ્રતિષ્ઠા અને પ્રલોભનથી પર બનાવીને પરમનાં બારણાં

ખખડાવીને મુક્તિપુરીની મંજિલે પહોંચાડવાની નિમંત્રણપત્રિકા છે. પર્યુષણ પર્વ લોભ, લાલચ, લાલસા, લાગવગ અને લુચ્ચાઈનો લોપ કરાવનાર જંબોજેટ વિમાન છે. પર્યુષણ પર્વ શાંતિ, સમતા, સરળતા, સૌમ્યતા, સુવાસિતતા અને સોડહંના ગુણને પ્રગટાવતો દિવ્ય શંખ છે.

જ્ઞાની કહે છે – તીર્થસ્થાને કરેલું નાનું પાપ પણ મોટું ગણાય, દંડ પણ મોટો મળે એમ પર્યુષણના દિવસો પવિત્ર છે. એને ''સમયતીર્થ'' પણ કહેવાય છે. એ દિવસોમાં કરેલાં સામાન્ય ક્રોધાદિ કે રાત્રિભોજનાદિ નાનાં પાપો પણ ઘણાં મોટાં ગણાય. અરે! એ વજ્રલેપ બની જાય છે. અન્ય ક્ષેત્રમાં કરેલાં પાપો તીર્થ ક્ષેત્રોમાં ધોવાય છે, પણ તીર્થ ક્ષેત્રમાં કરેલાં પાપો બીજે ક્યાંય ધોવાય નહિ. એ જ રીતે અન્ય તિથિએ કરેલાં પાપો પર્વતિથિની આરાધના કરવાથી ધોવાય છે, પણ આઠમ, પાખી, પર્યુષણ વગેરે પર્વતિથિઓમાં કરેલાં પાપો બીજી તિથિઓમાં ધોવાતાં નથી. પર્વતિથિએ કરેલી આરાધના બહુ મોટું ફળ આપે. પર્વતિથિએ કરેલી સાધના અને આરાધના આકાશમાં ઉડ્ડયન જેવી હોય, માટે જાગો અને કર્મથી ભાગો.

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં ભગવાન મહાવીરના ૨૭ ભવનું વાંચન થાય છે. કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના એક પછી એક ભવની ગણતરી કરવામાં આવી છે. કલ્પસૂત્રનાં પાનાં વાંચવાની પરિપાટી સ્થાનકવાસી સમાજમાં નથી, પણ તેનો ભાવ બતાવવામાં આવે છે. ઘણાને પ્રશ્ન થશે કે કલ્પસૂત્ર ૩૨ આગમમાં નથી, તો પછી સ્થાનકવાસી સમાજ કલ્પસૂત્રને કેમ માને છે? તેના જવાબમાં કલ્પસૂત્ર એ દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનનો વિસ્તાર છે એટલે તે માન્ય છે.

પ્રથમ ભવ નયનસારનો જંબુદ્વીપ ક્ષેત્રમાં જયંતી નામની નગરી, શત્રુમર્દન નામનો રાજા તેના તાબામાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. તે રાજાને એક નયસાર નામનો સેવક હતો. નયસારનું બીજું નામ ''બલાધિક'' હતું. એ ગામનો મુખી હતો. તે પરોપકારી અને આતિથ્યપ્રિય હતો. બધા જીવો પર વાત્સલ્યની રસધારા વહેડાવતો હતો.

રાજાની આજ્ઞાથી નયસારને એકવાર ઈમારતી ચંદનનાં લાકડાં લેવા મલયાચલ પર્વત પર જંગલમાં જવાનું થયું. તેની સાથે મોટો કાફલો હતો. બરાબર મધ્યાહ્ને વૃક્ષની શીતળ છાયામાં બેસી નયસારે ભોજનની તૈયારી કરાવી. બધાને જમાડી લીધા પછી પોતે વિચારે છે કે કોઈ અતિથિ મળી જાય તો સારું. નયસારને અતિથિ કે અભ્યાગતને જમાડ્યા વિના જમવું ગમતું નહોતું, પણ એ ઘોર અરણ્યમાં તેની ભાવના સંતોષાવી મુશ્કેલ હતી.

નયસારના ચડિયાતા ભાવ, સંતને વહોરાવીને લઉં લ્હાવ
પ્રભુ મારી સાંભળો રાવ, મારે તરવી સંસારની નાવ

નયસાર અંતરમનથી ચારેબાજુ દૃષ્ટિ ફેલાવતાં તેણે ડુંગર પર ચડીને જોયું તો દૂર દૂર એક મુનિરાજને ધગધગતા તાપમાં ચાલ્યા આવતા જોયા કે તરત જ નયસાર દોડ્યો ગયો તેને લેવા. નયસારને જાણે ભગવાન ભેટી ગયા હોય એવો અપૂર્વ આનંદ થયો. અતિથી પણ દેવ છે, તેમાં વળી જૈન મુનિ મળ્યા એટલે અપૂર્વ આનંદ થયો. નયસારે મુનિને સૂઝતો આહાર વહોરાવ્યો. ભોજનવિધિ પતાવીને મુનિએ જંગલમાં પોતાની આપવીતી સંભળાવતાં કહ્યું,

ભદ્ર! હું માર્ગ ભૂલેલો સાધક છું. નયસારે સાધુને ભોમિયો બની બાહ્ય માર્ગ બતાવ્યો. નયસારની મુનિઓના જીવનમાં એક સુંદર છાપ પડી. તેણે વિચાર્યું કે આ એક ચીંથરે વીંટેલું રત્ન છે. તેણે ધર્મ બીજના રોપ માટેની તમામ યોગ્યતાના નયસારના આત્મામાં દર્શન કર્યાં. મુનિ અને મેઘની પ્રકૃતિ સરખી હોય. બન્ને જેટલું લે તેના કરતાં અનેક ગણું જગતને આપે. કહ્યું છે – **''सत्संगति कथं न करोति पुंसा''** સત્સંગતિ શું ચમત્કાર નથી સર્જતો?

મુનિરાજને આહારપાણી વહોરાવતાં નયસારને ઉત્કૃષ્ટ ભાવ આવ્યો તેથી અનંતાનુબંધી કષાયની ચાર અને દર્શન મોહનીયની ત્રણ આ સાત પ્રકૃતિનો ઉપશમ કરીને સમ્યક્ત્વ રૂપ રત્નને પ્રાપ્ત કર્યું. તેનો સમ્યક્ત્વનો સૂર્ય ઉદયમાન થયો. સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં ૬૯ ક્રોડાક્રોડ સાગરોપમથી ઝાઝેરાં કર્મોનો ક્ષયોપશમ થઈ ગયો. તેથી તેની મિથ્યાત્વની ગાંઠ ભેદાઈ ગઈ ત્યારથી ભગવાન

મહાવીરના ભવની ગણતરી શરૂ થઈ ગઈ.

નયસાર સંતને સ્વસ્થાને મૂકીને જંગલમાં ફરી આવ્યો. નયસાર લાકડાં કાપવાનું કામ પૂર્ણ થતાં પોતાનો કાફલો લઈને શત્રુમર્દન રાજા પાસે આવ્યો. સર્વ વૃત્તાંત સાંભળી દીધો રાજા ખુશ થયા. સમય જતાં રાજાએ નયસારને પોતાનો પ્રધાન બનાવ્યો. ''અતિથિ દેવો ભવ''ની ભાવના નયસારને એ રીતે અનકે ગણી ફળપ્રદ નીવડશે અને સુખદ કલ્પવૃક્ષનાં મધુર ફળો એને ચાખવા મળશે તે કોણ જાણતું હતું.

પર્યુષણ પર્વ હારેલાને હિંમત આપે, કથીરને કંચન બનાવે, વેરીને વહાલ આપે, પડેલાને ઊભા કરે. અધર્મીને ધર્મી બનાવે, વ્યસનીને તપસ્વી બનાવે. પર્યુષણ પર્વમાં વ્યસનની આગળ NEVERનું બોર્ડ લગાવી દો. વ્યસન ટેન્શનને વધારીને આખી જિંદગીમાં કરેલાં સત્કાર્યને જમીનદોસ્ત કરી દે છે. પર્વમાં જેવી આરાધના કરશો તેવું ફળ મળશે. દરેક પર્વમાં પર્યુષણ પર્વની અધિક વિશેષતા બતાવી છે.

એક વખતની વાત છે. એક ખેડૂતનું ખેતર નદીકિનારે હતું. એક વખત તેને નદીકિનારેથી એક ચળકતો પથ્થર મળ્યો. તેણે વિચાર્યું આ પથ્થર મારાં બાળકોને રમવામાં કામ લાગશે એમ માનીને એને ઘરે લઈ આવ્યો. જોગાનજોગ પટલાણીએ ત્યારે જ ખેડૂતને ગૉળ લેવા મોકલ્યો. તે ગૉળના વેપારી પાસે પેલો પથ્થર લઈને ગયો. વેપારીને પથ્થર ગમી ગયો. તેને એ પથ્થર લઈને એક કિલો ગૉળ આપ્યો.

ગૉળના વેપારીએ એ પથ્થર સરાફને બતાવ્યો. સરાફે રૂા. ૫૦૦ આપી ખરીદી લીધો. સરાફે એ પથ્થર શહેરના એક સામાન્ય ઝવેરીને આપ્યો. ઝવેરીએ રત્ન સમજીને તેના ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા. પછી એ રત્ન લઈને તે નગરશેઠ પાસે ગયો. તે દિવસે નગરશેઠ બહાર ગયો હતો, પણ તેનો દીકરો એ રત્નની કિંમત સમજી ગયો. તેથી તેણે કહ્યું, અમારા બસ્સો ઓરડામાંથી જેટલું ધન લેવાય એટલું સવારથી સાંજ સુધીમાં લઈ જાવ.

ઝવેરીએ સવારથી ગાડાં જોડીને સાંજ સુધીમાં પુષ્કળ ધન પોતાના ઘરમાં નાખ્યું. ગાડાંની લાઇન જોઈને લોકો વાતો કરવા લાગ્યા કે પિતાની ગેરહાજરીમાં છોકરાએ પેઢી લૂંટાવી નાખી. નગરશેઠ પણ ઝવેરી હતા. તે સાંજે ઘરે આવ્યા. ત્યાં રસ્તામાં સમાચાર મળ્યા કે તેના છોકરાએ પેઢી લૂંટાવી દીધી, પણ શેઠને પોતાના પુત્ર પર વિશ્વાસ હતો. તે ઘરે આવ્યા ત્યારે દીકરાએ ડરતાં ડરતાં પિતાજીને રત્ન બતાવ્યું. તેના બદલામાં ૨૦૦ ઓરડાનું ધન આપ્યું એ વાત પણ કરી. પિતાજીએ કહ્યું, બેટા! તેં આ હીરો બહુ જ સસ્તામાં લીધો કહેવાય. આ હીરો સામાન્ય નથી. આ તો ચંદ્રકાન્તમણિ છે. આનું મૂલ્ય થઈ શકે જ નહિ.

એમ કહીને પૂનમની રાતે શેઠ રત્ન અને પુત્રને સાથે લઈને અગાશીમાં ગયા. થાળીમાં એ રત્નને મૂક્યું. ચંદ્રનાં કિરણોનો રત્ન પર સંપર્ક થયો અને ચમત્કાર સર્જાયો. સાક્ષાત્ સોનાનો વરસાદ થયો. પુત્ર એ દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયો. રત્ન તો એનું એ જ હતું. ખેડૂતથી લઈને શેઠ સુધીની દરેક વ્યક્તિઓએ એનું જેવું મૂલ્યાંકન કર્યું એવો લાભ મળ્યો.

ચંદ્રકાન્તમણિ સમાન અમૂલ્ય પર્યુષણ પર્વ છે. ઉત્તમ સાધક જ પર્યુષણ પર્વની આરાધના કરી શકે. જ્ઞાની કહે છે - લોભી, ભોગી અને કામીઓ થોડાક ગૉળમાં ખુશ થનારા ખેડૂત જેવા છે. કવિઓ અને કલાકારો સરાફ જેવા છે, તત્ત્વચિંતકો શેઠના પુત્ર જેવા છે અને યોગીઓ નગરશેઠ જેવા ઝવેરી સમાન છે. તેઓ આગમરૂપી ચંદ્રનાં કિરણોને પામીને પ્રત્યેક પળરૂપી ચંદ્રકાન્તમણિમાંથી અમાપ, અખૂટ, અક્ષય સુખરૂપી સોનાના ઢગલા મેળવે છે.

પર્વાધિરાજનો પડકાર કહે છે – પાણીમાં પીગળી જતાં પતાસા જેવા સંસારના સુખની ખાતર માનવભવની પળો વેડફાઈ રહી છે માટે જાગો અને વિચારો કે ઘાંચીનો બળદ અને સ્ટેન્ડ પર રહેલી સાઇકલ પર બેસીને પેંડલ લગાવનારા જીવો જેવી ગતિ છે, પણ પ્રગતિ નથી. પર્વાધિરાજ કહે છે- હવે પ્રગતિ કરીને ૮૪ના ચક્કરના પંથને કાપો તો સાચી સમજણ મેળવી કહેવાય.

ફેફસાંનો રોગ તપાસવા માટે ઍક્સ-રે લેવાય, હૃદયના રોગ જોવા માટે કાર્ડિયોગ્રામની આવશ્યકતા રહે. શરીરમાં કૅન્સર ક્યાં છે એ જોવા માટે થર્મોગ્રાફની જરૂર પડે. એમ આત્માની પ્રગતિ કરવા માટે પર્યુષણ પર્વની સાધના જરૂરી છે.

# સંલેખણા

■ ડૉ. આરતી નલિન વોરા

સમાધિમરણની તૈયારીને સંલેખણા કહેવામાં આવે છે. શ્રાવકનું જીવન જો સમાધિમય હોય તો મૃત્યુ પણ સમાધિપૂર્વક થાય છે. અન્ય લોકો સંલેખણાને આત્મહત્યા કહે છે, જ્યારે જૈન લોકો તેને એક ઉચ્ચ ધાર્મિક અનુષ્ઠાન માને છે. આચાર્ય સમંતભદ્ર જણાવે છે કે આત્મહત્યામાં રાગ-દ્વેષની પ્રધાનતા હોય છે, પણ સંલેખણામાં રાગ-દ્વેષનો અભાવ હોવાથી તેને આત્મહત્યા ન કહી શકાય. હાલના સમયમાં સંથારા વિશે ખૂબ ઊહાપોહ થયો છે, પણ સંથારા અને આત્મહત્યામાં ખૂબ જ ફરક છે. સંથારો એ ઈચ્છાપૂર્વક સમાધિમરણનો સ્વીકાર છે.

પ્રાણાંત ઉપસર્ગ આવે, અન્નપાણી ન મળે એવો દુષ્કાળ પડે, વૃદ્ધાવસ્થાથી શરીર અતિજીર્ણ થઈ જાય, અસાધ્ય રોગ ઉત્પન્ન થાય, આવા પ્રકારના કોઈ પણ પ્રસંગો ઊભા થાય ત્યારે પ્રાણ બચાવવાનો કોઈ ઉપાય ન હોય અને પોતાનો અંત સમય નિકટ આવ્યો જાણી શકાય ત્યારે પોતાના ધર્મના રક્ષણાર્થે જે શરીર ખોરાક આદિનો ત્યાગ કરે છે તેને સંલેખણા વ્રત કહ્યું છે. સંલેખણા વ્રત શબ્દ પરથી જ આપણે જાણી શકીએ છીએ કે એ એક વ્રત છે. તેને આત્મહત્યા તો ન જ કહી શકાય. સાધુ-સાધ્વી તેમ જ શ્રાવક-શ્રાવિકાને આ વ્રતની આજ્ઞા છે.

સંલેખણાનો પર્યાયવાચી શબ્દ સંલેશના કે સંથારો કહી શકાય. સકામ મરણ પણ કહી શકાય. તેનાં નીચે પ્રમાણે પાંચ નામ છેઃ

**૧) સકામ મરણ** - મુમુક્ષુની કામના મૃત્યુથી બચવાની છે. પુનઃ ન મરવું પડે તે સકામ મરણ.

**૨) સમાધિ મરણ** - સર્વ પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિથી પોતાના ચિત્તની નિવૃત્તિ કરીને સમાધિભાવ ધારણ કરે તે સમાધિ મરણ.

**૩) અનશન** - જાવજ્જીવ (મરણ પર્યંત) ત્રણ કે ચાર આહારના પચ્ચક્ખાણ કરી લેવા તે.

**૪) સંથારો** - મૃત્યુશય્યા પર છેલ્લી વખતનું શયન કરવા સજ્જ થાય તે.

**૫) સંલેખણા** - માયા-નિદાન-મિથ્યાત્વ એ ત્રણે શલ્યની આલોચના, નિંદા, ગર્હા કરી શુદ્ધ બને તે.

*संलेहणा द्रुविहा अभ्यंतरिया य बहिरा चेव।*
*अष्भंतर कसाएसु बाहिरा होइ हु सरीरे।।*

અર્થાત્ સંલેખણા બે પ્રકારની હોય છેઃ બાહ્ય સંલેખણા અને અભ્યંતર સંલેખણા.

ક્રોધાદિ કષાયોને ક્ષીણ કરવા તે અભ્યંતર સંલેખણા છે અને શરીરનો પરિત્યાગ કરવો અથવા કાયાને કૃશ કરવી તે બાહ્ય સંલેખણા કહેવાય છે.

સંલેખણા વ્રતમાં જીવન પર્યંત ઉપવાસ કરવાના હોય છે. ખરા અર્થમાં તો આ વ્રતમાં ક્રમશઃ ચારે આહારનો ત્યાગ કરવાનો છે. આ વ્રત એવી વ્યક્તિ ધારણ કરે છે જે સુખદાયક મૃત્યુ માટે અપરિગ્રહ સ્વીકારી દુન્યવી સુખોને છોડી પોતાના આત્માની શુદ્ધી કરે છે અને આત્માની ઉચ્ચ સ્થિતિએ પહોંચવાનો પ્રયત્ન કરે છે. સંલેખણાનો અર્થ થાય છે મરણ પર્યંત ઉપવાસ કરવા જે મરજિયાત છે. ફક્ત અનશન કરવું એ જ વ્રત નથી, પણ આત્માની શુદ્ધી કરવી પણ જરૂરી છે. તેમાં રાગ-દ્વેષ-કષાયનો ત્યાગ કરવામાં આવે છે. આ વ્રત ઘણું કઠિન છે. બહુ ઓછા લોકો પાળી શકે છે.

સાધુ અથવા શ્રાવકને જ્યારે ઘડપણને કારણે અથવા કોઈ અસાધ્ય રોગને કારણે મૃત્યુ નજીક દેખાય, શરીર વડે પોતાની સાધના બરાબર ન કરી શકે ત્યારે તે ધર્મમાં પ્રગતિ કરવા માટે શરીરને નિરર્થક સમજે છે અને તેથી શરીરનો ત્યાગ કરે છે. સંલેખણા કરવા માટે નીચે પૈકી છમાંથી કોઈ ને કોઈ કારણ હોવું જરૂરી છેઃ ઉપદ્રવ-આતંક-બ્રહ્મવ્રતમાં વિઘાતની આશંકા-ધ્યાનનું નિમિત્ત-તપસ્યા-શરીરનું આધ્યાત્મિક પ્રવૃત્તિમાં અશક્ત થવું. સંલેખણા માટે રાગ-દ્વેષની ન્યૂનતા હોવી અતિઆવશ્યક છે.

*सम्यग काय कषाय लेखना इति संलेखना।*

અર્થાત્ કાય અને કષાયનું સમ્યગ દૃષ્ટિએ ક્ષીણ થવું /કરવું તે સંલેખણા છે. ઘડપણ, અસાધ્ય રોગ અથવા કારમા દુકાળની પરિસ્થિતિમાં સાધુ અથવા શ્રાવકને સમજાય કે શરીર ધર્મસાધના-આરાધનામાં સાથ નથી આપી શકતું ત્યારે સ્વેચ્છાએ સંસારના બધા સંબંધોનો ત્યાગ કરી કષાયોને ક્ષીણ કરીને ખોરાક-પાણીનો આમરણ ત્યાગ કરી ફક્ત આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતાં મૃત્યુનો સામનો કરવો તે સંલેખણા છે. સંથારામાં ૧૮ પાપ, ચાર આહાર અને એક શરીરના ત્યાગરૂપ એ ૨૩ પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

સંથારો કે સંલેખણા એ શ્રાવક તથા સાધુનો મનોરથ

છે, પાપનું પ્રાયશ્ચિત્ત છે અને સકામ મરણ છે.

સંલેખણાના મુખ્ય ત્રણ પ્રકાર છેઃ (૧) ભક્ત પ્રત્યાખ્યાન (૨) ઈંગિત મરણ (૩) પાદોપગમન.

**૧) ભક્ત પ્રત્યાખ્યાન** - તિવિહારે કે ચઉવિહારો ઉપવાસ કરવા ક્ષેત્રમર્યાદા કરવી જરૂરી નથી. આહાર-પાણીનો મર્યાદાપૂર્વક ત્યાગ કરવો. સાધુ-શ્રાવક બધા કરી શકે, બીજા પાસે વૈયાવચ્ચ સેવા કરાવી શકે. હાલ પણ કરી શકાય છે.

**૨) ઈંગિત મરણ** - માત્ર ચઉવિહારા ઉપવાસ કરવા. મર્યાદિત ક્ષેત્રમાં હલનચલન અર્થાત્ મર્યાદિત સીમાની છૂટ રાખી શકાય. સાધુ-શ્રાવક બધા કરી શકે. કોઈ પાસે વૈયાવચ્ચ ન કરાવે. આ કાળમાં થઈ શકાતો નથી.

**૩) પાદોપગમન** - માત્ર ચઉવિહારા ઉપવાસ કરવા. શરીર હલનચલન ન કરી શકે. પાદપ+ઉપગમન=વૃક્ષની તૂટેલી ડાળીની જેમ શરીરને સૂકવવું. સાધુ કે શ્રાવક બધા જ કરી શકે. વૈયાવચ્ચ ન કરાવે. આ કાળમાં થઈ શકાતો નથી.

દરેક વ્યક્તિ રાત્રે સૂતી વખતે સાગારી સંથારો કરી શકે છે. તેને માટે આમ બોલવું ''આહાર શરીરને ઉપધિ, પચ્ચખ્ખું પાપ અઢાર, મરણ આવે તો 'વોસિરે પારુતો બોલી એક નવકાર.'' સાગારી (આગાર સહિત) સંથારો સૂતા વખતે, સંકટ સમયે, રોગ સમયે, ઑપરેશન સમયે, ભય પ્રસંગે કે ગમે ત્યારે મૃત્યુનો ઉપક્રમ આવે તેમ લાગે ત્યારે કરી શકાય છે અને નવકાર બોલીને પારી શકાય છે.

મૃત્યુનો સમય નજીક જાણી વ્રત-પ્રત્યાખ્યાનથી શુદ્ધ બની, બધા જીવો પ્રત્યે ક્ષમાભાવ રાખી, શાંતિપૂર્વક મરવાની તૈયારી કરવી તે સંલેખણા છે. તે પોતાના મનથી કરેલો નિર્ણય છે. અવગુણોનો ત્યાગ કરી આત્મશુદ્ધિપૂર્વક સમાધિમરણની સાધના છે. શૂરવીરોની આરાધના છે. પ્રાયશ્ચિત્તની પવિત્ર ગંગામાં સ્નાન કરી મનને પવિત્ર કરવાની રીત છે. તે પ્રત્યાખ્યાનપૂર્વક કરવાથી સંસાર ઘટે છે અને ઉચ્ચ ગતિની પ્રાપ્તિ થઈ શકે છે. આમ જોઈએ તો સંલેખણા અને આત્મહત્યામાં ઘણો જ ફેર છે. આત્મહત્યામાં પણ જીવનનો અંત લાવવાનો હોય છે, પણ એ પોતાની મરજીથી, શાંત અવસ્થામાં, મનનપૂર્વક લેવાયેલો નિર્ણય નથી, પણ આવેશમાં આવીને કરવામાં આવતું કૃત્ય છે. જ્યારે કોઈ શારીરિક, માનસિક દુઃખ કે રોગથી ગભારાઈને સાચા-ખોટાનો નિર્ણય કર્યા વગર, વિનાવિચારે આવેશપૂર્વક મરણને શરણ થાય છે તે આપઘાત કે આત્મહત્યા છે. તે કષાયને કારણે થાય છે. લજ્જા-નિરાશા-મોહ-રાગ-દ્વેષથી ઘેરાઈને જીવ આપઘાત કરે છે તે કાયરનું કામ છે.

જૈન ધર્મમાં તો સંલેખણાને વ્રત કહ્યું છે તેથી બીજા વ્રતની જેમ સંલેખણા વ્રતના પણ પાંચ અતિચાર છેઃ વધુ જીવવાની ઈચ્છા, જલદીથી મરવાની ઈચ્છા, દેવલોકના સુખની ઈચ્છા, મૃત્યુનો ભય, સંસારના સુખની ઈચ્છા. તે વિશે આપણે વિગતે જોઈએ.

**૧) ઈહલોગા સંસપ્પઓગે** - પૂજા, સત્કાર આદિ વિભૂતિ જોઈને લાલચવશ જીવનની અભિલાષા જાગે. મારા સંલેખણા વ્રતના ફળરૂપે મને મૃત્યુ બાદ રાજા, રાણી, પ્રધાન, શેઠ, શેઠાણી આદિ પદની પ્રાપ્તિ થાઓ. સેના-પરિવાર-રિદ્ધિ-સંપદાનું શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થાઓ. બધાનો વંદનીય, માનનીય, પૂજનીય બનું. ઈત્યાદિ આ લોકસંબંધી સુખની વાંછા કરે તો અતિચાર લાગે.

**૨) પરલોએ સંસપ્પઓગે** - સેવા-સત્કાર આદિ કરનાર કોઈ પાસે ન આવે તેથી ઉદ્વેગના કારણે મૃત્યુને વાંછે. પરલોકસંબંધી સુખની ઈચ્છા કરે જેવી કે મને ઈંદ્ર-ઈંદ્રાણી, દેવ-દેવી, અહેમેન્દ્રાદિની પદવી પ્રાપ્ત થાઓ. આવી ઉત્તમ ધર્મકરણી કર્યા પછી આ લોક-પરલોક-સંબંધી સુખપ્રાપ્તિના અનુબંધ કરતાં કરોડોનો લાભ કોડીમાં ગુમાવી બેસે છે. માટે કેવળ મોક્ષને અર્થે જ કરણી કરવી જોઈએ.

**૩) જીવિયા સંસપ્પઓગે** - સંલેખણા વ્રત કરવાથી મહિમા-પૂજા-માનપાન કે વિશેષ લોકોનું આગમન જોઈ વધુ જીવવાની ઈચ્છા જાગે, મનમાં ચિંતવે કે હું વધારે વખત જીવતો રહું તો ઠીક. આમ કરવાથી અતિચાર લાગે. વધારે જીવવું-મરવું એ કોઈના હાથની વાત નથી. તેથી ઈચ્છા કરવાથી આયુષ્યમાં કશો ફેરફાર થતો નથી, પણ કર્મબંધ અવશ્ય થાય છે.

**૪) મરણા સંસપ્પઓગે** - ક્ષુધા-તૃષાદિ વેદનાએ વ્યાકુળ થઈને વિચારે કે જલદી મરી જાઉં તો ઠીક. કોઈનું મરણ આગળ-પાછળ થઈ શકતું નથી, તેથી જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી સમતાપૂર્વક જીવન-મૃત્યુની વાંછના કર્યા વગર ધર્મકરણીમાં રત રહેવું.

**૫) કામભોગા સંસપ્પઓગે** - સારાં રાગ-રાગિણી,

વાજિંત્ર વગેરે સાંભળવાનું, નાટક, ચેટક, સ્ત્રી આદિના રૂપ નિરીક્ષણ કરવાનું, અત્તર, પુષ્પાદિ સુગંધી દ્રવ્ય સૂંઘવાનું, ષડરસ ભોગવવાનું, સ્ત્રી શયનાસનાદિ ભોગવવાનું નિયાણું કરે તો અતિચાર લાગે. સંલેખણા વ્રત સ્વીકારનાર મહાત્માએ આવા પ્રકારના વિચારો ન કરવા જોઈએ. તેમ કરવાથી આવી ઉત્તમ ધર્મકરણી વડે જે પરમઆનંદની પ્રાપ્તિ થવી જોઈએ તે થઈ શકતી નથી.

જગતનો કર્તાહર્તા કોઈ નથી, સર્વ સંયોગ સ્વભાવથી જ મળે છે અને વિખરાય છે. તેવી જ રીતે આ શરીરનો સંયોગ પણ સ્વભાવથી જ મળ્યો છે અને વિખરાશે, તેથી તેના વિયોગની ફિકર ન કરવી. થવાનું હશે તે થયા કરશે. આત્મા અવિનાશી છે અને શરીર વિનાશી છે, તેથી મૃત્યુ માત્ર શરીરનો ગ્રાસ કરી શકે છે, આત્માનો નહિ. તેથી મૃત્યુનો ભય રાખવો નહિ. હું કોઈનો પતિ, પુત્ર, પિતા, ભાઈ, કાકો, મામો છું તે બધું આ શરીરજોગ છે. તત્ત્વદૃષ્ટિથી જોતાં તો કોઈ કોઈનું નથી, તેથી કુટુંબસંબંધી મમત્વભાવનો ત્યાગ કરી નિજ સ્વભાવમાં રમણતા જ મારા માટે શ્રેયસ્કર છે, જેમ ગજસુકુમાર કે સ્કંદજીએ મહાવેદનાને સમભાવે વેઠી લીધી. તીવ્ર વેદનાના ઉદય સમયે સમભાવ રાખ્યો તો મુક્તિ પ્રાપ્ત કરી, તેમ સમભાવ રાખતા જરૂર આત્મકલ્યાણ થઈ શકે છે. પ્રબળ વેદનાને સમભાવે સહન કરવાથી કર્મનિર્જરા થાય છે. બધાં કષ્ટોથી મુક્ત થઈ પરમાનંદની પ્રાપ્તિ થઈ શકે છે. પરમસુખી બની શકાય છે.

---

# સ્વામીવાત્સલ્ય

કેટલાંય વર્ષોથી આપણે દેરાસરમાં, ઉપાશ્રયમાં પ્રભુની પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે, દીક્ષા મહોત્સવ નિમિત્તે, મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે, દેરાસરની વર્ષગાંઠ નિમિત્તે સ્વામીવાત્સલ્યમાં જઈએ છીએ... પણ આ સ્વામીવાત્સલ્ય એટલું શું? એ જ ખબર નથી આપણને.

સ્વામીવાત્સલ્ય એટલે ભગવાન કહે છે, ''જેને પણ મળ એને 'નમો જિણાણં' કહેવું, કારણકે એની અંદર ભગવાન (સ્વામી) વસે છે. સ્વામી એટલે પરમાત્મા. આપણાં બધાની અંદર સ્વામી વસે છે અને શ્રી સીમંધરસ્વામી આપણને Help કરે છે, આપણી અંદરના સ્વામીને ઓળખવા માટે. આપણી અંદર સ્વામી (ભગવાન) વસે છે તેમ દરેકની અંદર સ્વામી વસે છે ને તેની સાથે વાત્સલ્ય કરવું સહેલું છે કે અઘરું...? તો વાત્સલ્ય બે રીતે થાય... નમો જિણાણં કહીને અને બીજું શરીર ક્ષુધાતૃપ્તિ કરીને.

આ જગતમાં જેટલા લોકો છે એ બધા જ સ્વામી છે ને એ જ જિન પરમાત્મા છે. સર્વની અંદર જિન પરમાત્મા વસે છે ને મારે એમની ભક્તિ કરવી હોય તો કઈ રીતે થાય...? વાત્સલ્ય કરીને...!

જ્યાં સ્વામીની પણ ભક્તિ જ થાય છે, અપેક્ષા કંઈ જ નથી હોતી, કંઈ પણ લેવાનું નથી, માત્ર દેવાનું છે એનું નામ ''વાત્સલ્ય''. સ્વામીવાત્સલ્ય એટલે હેતપૂર્વક દેવું.

વાત્સલ્ય કરનાર માટે આપણે સ્વામી છીએ. એની દૃષ્ટિમાં માત્ર એક જ ભાવ... અહો! આટલા બધા ભગવાન આવશે... ને આ નિમિત્તે આવો દિવ્ય લાભ મને ક્યારે મળશે....! અહો...અહો... એ ભાવથી કરનાર વાત્સલ્ય કરે છે માટે એનું નામ છે ''સ્વામીવાત્સલ્ય''.

આ છે વાત્સલ્ય...અહોભાવ...મને તો તમે આવી અદ્‌ભુત તક આપી. આજે મને સીમંધરસ્વામી મળી ગયા જે તમારા સૌમાં વસેલા છે, એટલે જેણે લાભ લીધો એને આટલા બધા સ્વામીનો લાભ મળ્યો. હવે સમજાણું... સ્વામીવાત્સલ્ય એટલે શું?

હવે, આવો જ અવસર આપણને મળી રહ્યો છે ઋતુંભરાના દરબારમાં સમ્યક્ પર્યુષણ પર્વ નિમિત્તે દરરોજ ત્યાં આવેલ દરેક સ્વામીને વાત્સલ્ય કરવાનો, એવા ઉચ્ચ કોટીના જીવોનો જે તીર્થંકર પરમાત્માનો જીવ પણ હોઈ શકે...! આવા સ્વામીઓને અહોભાવથી... આનંદપૂર્વક વાત્સલ્ય કરવાનો દિવ્ય અવસર નવનવ દિવસ મળવાનો છે.

મનુષ્યના જીવનમાં જીવદયા, વૈયાવચ્ચ, પ્રભાતયાત્રા, ચૈત્ય પરિપાટી, તપસ્વીઓનો વરઘોડો, જિનપ્રતિષ્ઠા... જેવાં અગિયાર કર્તવ્યોમાંનું એક કર્તવ્ય છે ''સ્વામીવાત્સલ્ય'', જે જીવનમાં એકવાર તો અવશ્ય જ કરાવવું જોઈએ, ને ત્યારે અહોભાવથી સ્વામીભક્તિ કરતાં કરતાં જાણતા-અજાણતા અવશ્ય એનું તથા એના પરિવારનું મગલ નિશ્ચત જ છે...!

''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે...  
ક્યારે કરશું સ્વામીભક્તિ રે...  
તીર્થંકર સમ જીવોને શાતા આપશું...''

# તપસ્વી અમર રહો... તપસ્વીનો જય જયકાર...

## ૪૦૭ દિવસના ઉપવાસ



## તપસ્વીરત્ન પૂજ્ય પંન્યાસ શ્રી હંસરત્નવિજયજી મ.સા. ના ૪૮૦ દિવસના 'ગુણરત્ન સંવત્સર તપ'

**જિનશાસનમાં 'દિવ્ય તપસ્વી તરીકે ઓળખાતા પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી હંસરત્નવિજયજી મહારાજસાહેબ વધુ એક ઉગ્ર તપ કરી રહ્યા છે. ૪૮૦ દિવસનું 'ગુણરત્ન સંવત્સર તપ કરી રહ્યા છે. આ તપમાં ૪૦૭ ઉપવાસ અને ૭૩ બિયાસણા હોય છે.**

**અદ્ભુત... અદ્વિતીય... અલૌકિક... છતાં એકદમ આકરી તપસ્યા એટલે કે...**

## 'ગુણરત્ન સંવત્સર તપ'

**અતિ ઉગ્ર + અતિ દીર્ઘ તપશ્ચર્યા = ગુણરત્ન સંવત્સર તપ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1લા મહિને | 15 બેસણા | 15 ઉપવાસ | 9મા મહિને | 3 બેસણા | 27 ઉપવાસ |
| 2જા મહિને | 10 બેસણા | 20 ઉપવાસ | 10મા મહિને | 3 બેસણા | 30 ઉપવાસ |
| 3જા મહિને | 8 બેસણા | 24 ઉપવાસ | 11મા મહિને | 3 બેસણા | 33 ઉપવાસ |
| 4થા મહિને | 6 બેસણા | 24 ઉપવાસ | 12મા મહિને | 2 બેસણા | 34 ઉપવાસ |
| 5મા મહિને | 5 બેસણા | 25 ઉપવાસ | 13મા મહિને | 2 બેસણા | 26 ઉપવાસ |
| 6ઠ્ઠા મહિને | 4 બેસણા | 24 ઉપવાસ | 14મા મહિને | 2 બેસણા | 28 ઉપવાસ |
| 7મા મહિને | 3 બેસણા | 21 ઉપવાસ | 15મા મહિને | 2 બેસણા | 30 ઉપવાસ |
| 8મા મહિને | 3 બેસણા | 24 ઉપવાસ | 16મા મહિને | 2 બેસણા | 32 ઉપવાસ |

કુલ ૧૬ મહિનામાં ૭૩ બિયાસણાં ૪૦૭ ઉપવાસ = ૪૮૦ દિવસ

**પારણું :** આસો વદ-૬, રવિવાર, તા. ૧-૧૧-૨૦૧૫

**સ્થળ :** બાન્દ્રા કુર્લા કોમ્પલેક્સ (BKC), ભારત ડાયમંડ બુર્સની સામે, બાન્દ્રા

# COME AND EXPERIENCE
# AN UNMATCHED LIVING SPACE SPREAD OVER 22 ACRES




**Ready to glance:** Exclusive Sample Villas • Grand Entrance Facade • Internal Roads

MANGALYAM
**meadows**
DISCOVER LIFE

Chanvai Village, Valsad

**The glimpse of exclusivity:** 412 beautifully designed villas | Nearly 3 km of internal roads with ornamental street lighting | Large water body at the entrance with night lighting | Enchanting water fountains and large landscaped gardens at various locations within the project | Grand and opulent clubhouse spread over 40,000 sq. ft. (approx.) over a water body having a swimming pool with wooden deck, open air cafe, 84 seater private theatre, separate children's theatre, 3000 sq. ft. banquet hall with attached 12,000 sq. ft. of lawn area, fully-equipped gymnasium, spa, soundproof discotheque, colonial styled library, 14 fully-equipped guest bedrooms and a host of other amenities

ADVT

Disclaimer : The information in this ad is indicative of the kind of development that is proposed. Subject to the approval of the authorities or in the interest of continuing improvement, th
in the leaflets/ brochures or any other printed material, are only indicative and artistic imagination, may not be exact or accurate, and the same does not form either the basis or part of t

Dalal Gruh & Infra Projects presents Mangalyam Meadows, a superior villa living near Valsad, where life unfolds the best of exclusive living. Adorned with new-wave features and best-in-class amenities, Mangalyam Meadows is nothing but a glorious manifestation of a supreme life amidst nature.



• Large Water Body at the Entrance

BOOKINGS ARE OPEN

Call: 90290 94922, 86550 94922 | www.mangalyammeadows.com

**Mumbai Sales Office:** 43, 1st Floor, Swastik Plaza, V.M. Road, Juhu, Next to Kala Niketan, Vile Parle (W), Mumbai - 400056
**Sales / Site address:** Mangalyam Meadows, Chanvai Rabda Road, Chanvai Village, via Atul, District: Valsad - 396020
Call: 93281 94922 / 93272 94922 | sales@mangalyammeadows.com

e developers reserve the right to change the layout , plans, specifications or features without prior notice or obligation . The details, images, sketches and elevation contained he offer or contract. The area shown in the plan includes the column offsets and plaster thickness.

DESIGN : Y ON WEB

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭. ટે.નં. ૬૫૭૨૬૬૩૬ • ટેલિફેક્સ : ૬૬૯૭૩૦૩૮
E-mail : admin@jainjagruti.com + website : www.jainjagruti.com

આત્મીય સ્વજન,

વેર નું કરીએ વિસર્જન, પ્રેમનું કરીએ સર્જન
મન, વચન, કાયાથી, જાણતા અજાણતા આપના દીલને
દુભાવ્યું હોય તો આપને અમારા, બે હાથ જોડી મસ્તક નમાવી
અંત:કરણ પૂર્વકના

## મિચ્છામિ દુક્કડમ

### ક્ષમાપાર્થી

રમેશ જે. મોરબીયા
ચીમનલાલ એસ. ગોસલીયા
સંજય બી. શાહ
દિનેશ એલ. નાણાવટી
પ્રફુલ વી. કામદાર
કિશોર એસ. શેઠ
જયંતી કે. છાડવા
ઉદય ડી. સંઘવી

જિતેન્દ્ર એસ. કોઠારી
કિશોર એન. શાહ
ચંદ્રવદન આર. શાહ
દ્વિજેશ પી. શાહ
અનીલ જી. દોશી
રાજેશ સી. ગાંધી
રાજેશ આર. ભણશાલી
હસમુખ કે. દેઢીયા
રમેશ એમ. સંઘવી

# ૨૧મો સમૂહલગ્નોત્સવ
## જેજેસી-સેન્ટ્રલ બોર્ડ
## જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ

નું આયોજન

**રવિવાર, તા. ૨૦.૧૨.૨૦૧૫** ના રોજ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.
વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.
વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતિ

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭. ટે.નં. ૬૫૭૨૬૬૩૬ • ટેલિફેક્સ : ૬૬૯૭૩૦૩૮
E-mail : admin@jainjagruti.com + website : www.jainjagruti.com

# અનેકાંતદષ્ટિ

■ સાધ્વી સુધાબાઈ મહાસતીજી

ષડ્ખંડાધિપતિ ચક્રવર્તી પાસે જેમ નવ નિધિઓનો ખજાનો હોય છે તેમ ધર્મચક્રવર્તી જિનેશ્વરો... તીર્થંકરો તરફથી આપણને વારસામાં મળેલી ત્રણ નિધિઓ છેઃ ૧) અનેકાંતવાદ ૨) સ્યાદ્વાદ ૩) અહિંસા.

આ ત્રણ નિધિઓને લઈને જૈન ધર્મ મહાન અને સર્વશ્રેષ્ઠ બન્યો છે.

ભારતવર્ષ અનેક મતમતાંતરો, અનેક વિચારધારાઓને સાંકળી લેતું એકમ છે. મુખ્યત્વે છ દાર્શનિક પરંપરાઓની ભિન્ન-ભિન્ન વિચારધારાઓના કેન્દ્રમાં ત્રણ બાબત રહી છે : (૧) આત્માસંબંધી (આત્મા છે કે નહીં, નિત્ય કે અનિત્ય, સ્વતંત્ર કે પરતંત્ર? આદિ) (૨) ઈશ્વર સંબંધી (ઈશ્વર છે કે નહીં, કેવડો છે, ક્યાં રહે છે? આદિ) (૩) જગતસંબંધી (જગત એટલે શું? શેનાથી બનેલું છે? કેવડું છે? આદિ).

'જૈન' એ કોઈ ધર્મ કે ધાર્મિક પરંપરા નથી, એ તાત્વિક અને સાત્વિક વિચારધારા છે. દાર્શનિક દૃષ્ટિકોણ છે. જૈન તાત્વિક અને સાત્વિક વિચારધારાને જ અનેકાંતવાદ કહે છે. અનેકાંતવાદમાં ત્રણ શબ્દ છે : અનેક + અંત + વાદ. અનેક=અનેક, વિવિધ. અંત=છેડાથી, સંભાવનાઓથી, ધર્મ/ગુણથી અને વાદ=વિચારવું, જોવું, સ્વીકારવું. અર્થાત્ રાગ-દ્વેષથી મુક્ત થઈ પ્રત્યેક વસ્તુ કે વ્યક્તિ (પદાર્થ)ને એના પ્રત્યેક ગુણ/ધર્મોની સંભાવના સાથે પ્રત્યેક એંગલ (છેડા)થી જોવી, વિચારવી કે જે અનેકને કાંત હોય... પ્રિય હોય અને સ્વીકાર્ય હોય આવી આગવી વિચારધારાને/સમજને અનેકાંતવાદ કહે છે, કારણકે પ્રત્યેક વસ્તુ અનંત ધર્માત્મક/ગુણાત્મક છે.

આ વિચારધારાથી ન રહે કોઈ પ્રશ્ન કે ન રહે કોઈ સમસ્યા, ન રહે કોઈ ઝઘડા કે ન રહે કોઈ ટંટા, ન રહે કોઈ ક્લેશ કે ન રહે કોઈ કંકાસ. આ વિચારધારામાં બધાનો સ્વીકાર હોય, બધાનો સમાદર હોય, બધાનો સમન્વય હોય અને એ પણ યથાર્થતા સાથે.

**ઘરને સ્વર્ગ અને વિશ્વને વિશ્વાસુ (મિત્ર) બનાવવાનો આ અમોઘ મંત્ર છે... ઉપાય છે.** આ દૃષ્ટિથી નાના પ્રત્યે વાત્સલ્ય અને વડીલો પ્રત્યે અહોભાવની લાગણી... ભાવના જન્મે.

જૈન દર્શન કહે છે કે જગતઆખું સત્ય છે. પ્રત્યેક વ્યક્તિ સત્ય છે, અસત્ય કોઈ છે જ નહીં. અસત્ય હોય તો તે આપણી દૃષ્ટિ, આપણી સમજ છે. જગત કે વ્યક્તિને આપણી ફૂટપટ્ટીથી, આપણી ગજવેલથી કે આપણી દૃષ્ટિ/ધારણા/માન્યતાથી ન માપતા એને એની રીતે એના સિદ્ધાંત પ્રમાણે જોઈએ, માપીએ, સમજીએ તો જગતઆખું સત્યસ્વરૂપ લાગ્યા વગર ન રહે.

**અનેકાંતદૃષ્ટિથી વિશ્વમાં મૈત્રી :** બધાં દર્શનોનો જૈન દૃષ્ટિએ કેવો સમન્વય કર્યો છે તે જોઈએ. બૌદ્ધો કહે છે પદાર્થ ક્ષણભંગુર છે, ક્ષણેક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. સાંખ્યદર્શન આત્મા નિત્ય માને, શાશ્વત માને છે. કોઈ કહે આત્મા અંગૂઠા જેવડો-બિંદુ જેટલો-તંદુલ જેટલો છે, તો કોઈ કહે આત્મા એક જ છે, વિશ્વવ્યાપી છે. કોઈ કહે કે આત્મા પાંચભૂતથી ઉત્પન્ન થાય અને પાંચભૂત નાશ પામતા આત્મા પણ નાશ પામી જાય. આમ આ બધી એકાંતિક વિચારધારાઓ સામ-સામા વાદ-વિવાદ કરી અંતે વૈમનસ્ય પેદા કરે છે. જ્યારે આપણી અનેકાંત વિચારધારા બધાનું સ્વાગત કરતા કહે છે કે આપ બધા સાચા છો, પણ એકલા-એકલા નહીં, બધા ક્ષીર-નીરની જેમ એકબીજામાં સાથે મળી જાઓ તો, બધી સંભાવનાઓને ખુલ્લી રાખો તો, કારણકે પૂર્ણ સત્ય એક નથી, એનાં અનેક પાસાં છે. બધાં પાસાંથી પદાર્થનો સ્વીકાર થાય તો જ પૂર્ણ સત્ય પ્રગટ થાય અને સમજાય.

અનેકાંતદૃષ્ટિ પદાર્થને સત્‌ના ધર્મથી જુએ છે અને મૂલવે છે. સત્‌ના ત્રણ ધર્મ છેઃ ઉત્પાદ (ઉત્પન્ન થવું), વ્યય (નાશ પામવું) અને ધ્રુવ (ટકવું, શાશ્વત રહેવુ). જેમ ઘાટ વિધવિધ બદલાવા છતાં દરેક ઘાટમાં સોનું (સુવર્ણ) એનું એ જ રહે છે તેવી જ રીતે પ્રત્યેક પદાર્થ પર્યાય (અવસ્થાઓ)ની અપેક્ષાએ ઉત્પન્ન અને વ્યયના રૂપે સતત બદલાયા કરે છે. પ્રતિક્ષણ નવી અવસ્થા જન્મે છે અને પૂર્વ પર્યાય નાશ પામે છે. આ બદલાતી પર્યાયોમાં એક એવું ધ્રુવતત્ત્વ છે જે ક્યારેય બદલાતું નથી. અર્થાત્ પર્યાય (અવસ્થાઓ)ની દૃષ્ટિએ પ્રત્યેક પદાર્થ ક્ષણભંગુર, નાશવંત, પરિવર્તનશીલ છે અને મૂળભૂત સ્વભાવની

અપેક્ષાએ ધ્રુવ છે, નિત્ય છે અને શાશ્વત છે.

આપણી આ ઉદાર અને વિશાળ દૃષ્ટિ જ બધા ધર્મોની વિચારધારોઓનો સ્વીકાર કરે છે. એમની અને આપણી વિચારધારામાં ફરક માત્ર એટલો કે તેઓ જે વાત કરે છે એ એક પક્ષે અને એકાંતરૂપે, જ્યારે આપણે બધા પદાર્થોની બધી જ સંભાવનાઓને ખુલ્લી રાખી અનેકાંત દૃષ્ટિએ કથન કરીએ છીએ. બૌદ્ધોની વિચારધારા છે કે આ જગતમાં બધું જ અનિત્ય, ક્ષણભંગુર છે, ક્ષણસ્થાપી છે, શાશ્વત કશું છે જ નહીં, ત્યારે આપણે કહીએ છીએ કે પદાર્થ અનિત્ય, ક્ષણભંગુર છે, પણ પર્યાયની અપેક્ષાએ, કાયમી રીતે નહીં, તેમ અન્ય દર્શનોમાં કોઈ કહે છે કે આત્મા નિત્ય જ છે, નાશ પામતો જ નથી, આપણે કહીએ છીએ કે આત્મા નાશ નથી પામતો દ્રવ્યની અપેક્ષાએ, પર્યાયની અપેક્ષાએ આત્માનું મૃત્યુ છે.

કોઈ કહે આત્મા બિંદુ જેવડો જ છે, આપણે કહીએ કે આત્મા બિંદુ જેવડો હોય, પણ જ્યારે એક ગતિમાંથી બીજી ગતિમાં ઉત્પન્ન થાય ત્યારે (વાટે વહેતા) પછી જેવડો દેહ એવડો આત્મા થઈ જાય. કોઈ કહે આત્મા એક છે, વિશ્વવ્યાપી છે. આપણું સમાધાન છે કે હા, સાધારણ રીતે (કોમન) ચૈતન્ય લક્ષણની અપેક્ષાએ આત્મા એક છે અને ઉપપાત સ્થાન સમુદ્‌ઘાત સ્થાનની અપેક્ષાએ એ સર્વવ્યાપી પણ હોય છે. આમ અનેકાંત વિચારધારાના કારણે સર્વનો સમન્વય સાથે સત્કાર થતા બધા સાથે મૈત્રી સધાય છે.

**અનેકાંત દૃષ્ટિ સ્વસ્થ ઘરના નિર્માણ માટે પણ અનિવાર્યઃ** અનેકાંતવાદ આ માત્ર વિદ્વાનોની ચર્ચાનો જ વિષય નથી. આ દૃષ્ટિ ઘરને સ્વર્ગ બનાવી દે છે. જીવનને સુખ-શાંતિ અને સમૃદ્ધિ-સમાધિથી મધુરમધુર બનાવી દે છે. ગૃહસ્થાશ્રમમાં સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, નણંદ-ભોજાઈ, ભાઈ-ભાઈ, આ બધા સંબંધો નેગેટિવ માટે બહુ પોપ્યુલર છે. વ્યક્તિ એની એ જ હોય છે, પણ બદલાતા સંબંધોને સ્વીકારી ન શકતા તેમાં નેગેટિવિટી આવ્યા વગર રહેતી નથી. વહુ આવતાં મા સાસુ ન બને અને માની મા જ બની રહે તથા દીકરી સાસરે આવતાં વહુ ન બને અને દીકરીની દીકરી જ બની રહે તો ઘર્ષણ ઉત્પન્ન જ ન થાય, કારણકે સાસુએ વહુને દીકરી તરીકે અને વહુએ સાસુજીને મા તરીકે સ્વીકારી લીધાં.

આમ બદલાતા સંબંધો અને સંજોગોનો ઉદારભાવે દિલથી સ્વીકાર કરવામાં આવે અને એ બદલાતા સંબંધો-સંજોગોમાં આપણા ધ્રુવધર્મ, દયા-પ્રેમ-સ્નેહ-મૈત્રી-કરુણા-વાત્સલ્યાદિમાં જરામાત્ર પણ ઓટ કે ઊણપ આવવા દેવામાં ન આવે તો સાસુજી મા બની જાય, વહુ દીકરી બની જાય. નણંદ-ભોજાઈ, ભાઈ-ભાઈ મિત્ર બની જાય અને દેરાણી-જેઠાણી મા-જણી બહેનો બની જાય. આવા મધુરામધુરા પરસ્પરના સંબંધોથી ઘરેઘરે માટીના ચૂલાના બદલે સોનાના ચૂલા બની જાય. પ્રત્યેક ઘર હસતું-રમતું, ખેલતું-ખીલતું નંદનવન બની જાય. પ્રત્યેક વ્યક્તિમાં દૈવત જાગતા ઘર મંદિર કિંવા સ્વર્ગ બની જાય. બસ આ જ છે અનેકાંતદષ્ટિની ફલશ્રુતિ કે બધા એક બને, અખંડ બને, અભેદ બને, ક્ષીર-નીરવત્ એકબીજામાં મળી જાય... ભળી જાય... એકરસ બની જાય. આ જ રીત છે સ્વસ્થ ઘરના નવનિર્માણની.


**बिना दवाई के सरल और सचोट उपचार से,**
**रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोंडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्टूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 •Tel.: 022-24121234**

# ગૌતમ-પૃચ્છા

■ છાયા કોટીચા

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્યના શરીરમાં કીડા કયા પાપથી પડે છે ?

ઉત્તર : હે ગૌતમ, જે મનુષ્યે માછલી, કૂકડા વગેરે મૂગાં જાનવરોને ત્રાસપૂર્વક મારી ખૂબ ખાધાં હોય તે મનુષ્યના શરીરમાં કીડા પડે છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્ય અથવા સ્ત્રી પર ખોટા કલંક કયા પાપથી આવે છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે બીજા પર ખોટું કલંક લગાડ્યું હોય તેવું જ ખોટું કલંક તે મનુષ્ય અગર સ્ત્રી પર આવે છે.

પ્રશ્ન : હે ભગવાન, કોઈ પણ પ્રકારની રોજી વગેરેમાં વિઘ્ન આવે છે તે કયા પાપથી આવે છે ?

ઉત્તર : હે ગૌતમ, બીજા જીવોને ભોગ-ઉપભોગની સામગ્રી મળતી હોય તેમાં પથ્થર નાખ્યા હોય અથવા રોજી અને વ્યાપારમાં વિઘ્ન નાખ્યું હોય તે મનુષ્યની પ્રત્યેક વસ્તુની પ્રાપ્તિમાં વિઘ્ન આવે છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્ય મરીને નરકમાં કયા પાપકર્મના ઉદયથી જાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જુગાર રમવાથી, માંસ ખાવાથી, દારૂ પીવાથી, વેશ્યા અને પરસ્ત્રીગમન કરવાથી, શિકાર અને ચોરી કરવાથી મનુષ્ય નરકમાં જાય છે.

પ્રશ્ન : હે ભગવાન, લક્ષ્મીવાન કયા પુણ્યના ફળસ્વરૂપે થવાય છે ?

ઉત્તર : હે ગૌતમ, સુપાત્ર (મુનિ), પાત્ર (શ્રાવક), અલ્પપાત્ર (સમ્યગદર્શી) વગેરેને સાતાકારી આહાર, પાણી દેવાથી તથા અનાથ, દીન આશ્રિતોને સમયે ઉચિત દાન દેવાથી મનુષ્ય લક્ષ્મીવાન થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, જે મનુષ્ય સત્ય બોલવા છતાં તેના વચન પર કોઈ વિશ્વાસ નથી કરતું તેનું કારણ શું ?

ઉત્તર : હે ગૌતમ, જે મનુષ્યે જૂઠી સાક્ષી આપી હોય એ પાપમાં ફળસ્વરૂપે એનાં વચનોને નથી તો કોઈ સત્ય સમજતું કે નથી તો કોઈ એનાં વચનો પર વિશ્વાસ કરતું.

પ્રશ્ન : હે ભગવાન, મનવાંછિત ભોગ, ઉપભોગની સામગ્રી કયા પુણ્યોદયથી મળે છે ?

ઉત્તર : હે ગૌતમ, જે મનુષ્યે ભૂતદયા વગેરે ખૂબ પરોપકાર કર્યા હોય તેને મનોવાંછિત ભોગ મળે છે.

પ્રશ્ન : હે ભગવાન, સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ શેનાથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જે મનુષ્યે સમ્યગ પ્રકારથી તપની આરાધના કરી છે તે મનુષ્ય સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરે છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્યને દુઃખમયી દીર્ઘ જીવન કયા દુર્ભાગ્યથી મળે છે ?

ઉત્તર : હે ગૌતમ, હાલતા-ચાલતા ત્રસ જીવોની હિંસા કરવાથી, ખોટું ભાષણ કરવાથી અને મુનિઓને અસાતાકારી આહાર-પાણી દેવાથી મનુષ્યને દુઃખમયી દીર્ઘજીવન મળે છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્યને સુખમયી દીર્ઘજીવન કયા પુણ્યના ફળથી મળે છે ?

ઉત્તર : હે ગૌતમ, ત્રસ જીવોની રક્ષા કરવાથી, સત્ય બોલવાથી અને મુનિઓને નિર્દોષ સાતાકારી આહાર-પાણી દેવાથી સુખમયી દીર્ઘજીવન મનુષ્યને મળે છે.

પ્રશ્ન : હે ભગવાન, ઘણા એવા મનુષ્યો હોય છે કે જેને ભય હોતો જ નથી તો એ કયા પુણ્યોદયનું ફળસ્વરૂપ ?

ઉત્તર : હે ગૌતમ, ભયથી ભયભીત જીવોને નિર્ભય કર્યા હોય અથવા અભયદાન આપ્યું હોય તે નીડર હોય છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્ય તાકાતવાન કયા શુભ કર્મોથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે વૃદ્ધ, તપસ્વી અને વ્યાધિવાળાની ખૂબ સેવા જીવ તોડીને કરી હોય તે મનુષ્ય બળવાન બને છે.

પ્રશ્ન : હે ભગવાન, જેનાં વચનોમાં મધુરતા ટપકતી હોય, બધા એનાં વચનોને સાંભળી આનંદ મનાવતા હોય તો તે કયા શુભ કર્મના ફળસ્વરૂપે ?

ઉત્તર : હે ગૌતમ, આખા જીવનમાં જેણે સત્ય વાણીનો જ પ્રયોગ કર્યો હોય તે પ્રિયવચની હોય છે. એની વાણી સાંભળી લોકો આનંદિત થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, કોઈક મનુષ્ય એવા હોય છે કે જે બધાને વલ્લભ લાગે છે એનું કારણ શું ?

ઉત્તર : હે ગૌતમ, જેણે ધર્મની ખૂબ આરાધના કરી હોય તે બધાને વલ્લભ લાગે છે.

પ્રશ્ન : હે ભગવાન, બધાને પ્રિય કયા કારણથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, પારકું હિત કરવાથી બધાને પ્રિય થવાય છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્ય નીચી ગતિમાં કયા પાપથી પેદા થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, કુળનો અહંકાર કરવાથી નીચું કુળ મળે છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્ય કયા પાપથી દુર્બળ બને છે ?

ઉત્તર : હે ગૌતમ, બળનું અભિમાન કરવાથી મનુષ્ય દુર્બળ બને છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્યજન્મ કયા કારણે મળે છે ?

ઉત્તર : હે ગૌતમ, જે જીવ પ્રકૃતિથી વિનીત હોય, સરળ સ્વભાવવાળો ભદ્રિક હોય, અંધકારથી રહિત હોય અને વાદવિવાદ વગેરેથી રહિત હોય તે જીવ મનુષ્યજન્મ પામે છે.

પ્રશ્ન : હે ભગવાન, કોઈ મનુષ્યને એક પૈસાની પણ કમાણી ન થતી હોય તો તે કયા પાપકર્મથી ?

ઉત્તર : હે ગૌતમ, પૈસાની ખૂબ કમાણી જોઈ જેણે અભિમાન કર્યું હોય તેને વધારે ધન નથી મળતું.

પ્રશ્ન : હે ભગવાન, કોઈ મનુષ્યને વ્રત, ઉપવાસ કરવામાં ખૂબ તકલીફ પડે છે જેનાથી ઉપવાસ, એકાસણું વગેરે થઈ જ નથી શકતાં તો તેનું કારણ શું ?

ઉત્તર : હે ગૌતમ, તપસ્યાનું અભિમાન કરવાથી અર્થાત્ એવો વિચાર કરવાથી કે મારાથી સાતસાત અને આઠઆઠ ઉપવાસની તપસ્યા તો એક ઉપવાસ જેમ થાય છે. મારા માટે તપસ્યા કરવી ખૂબ સરળ છે. બીજાને તો ઉપવાસ કરવો પણ મુશ્કેલ લાગે છે. મારી સામે બીજા શું તપસ્યા કરી શકે ? આવી રીતે અભિમાન કરવાથી એનાથી તપસ્યા નથી થતી.

પ્રશ્ન : હે ભગવાન, સૂત્રસિદ્ધાંતોનું જ્ઞાન ખૂબ પરિશ્રમથી અભ્યાસ કરવા છતાં પ્રાપ્ત નથી થતું તો એનું શું કારણ ?

ઉત્તર : હે ગૌતમ, જેણે ઘણા સિદ્ધાંતોનું જ્ઞાન સંપાદિત કરી અભિમાન કર્યું હોય તો તે મનુષ્યને જ્ઞાન પ્રાપ્ત નથી થતું.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્યને કયા પાપને કારણે દાસવૃત્તિ પ્રાપ્ત થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, ઐશ્વર્યતા અર્થાત્ હું અરબપતિ છું, હું છત્રપતિ છું, હું પૃથ્વીપતિ છું, હું સાર્વભૌમ નરેન્દ્ર છું, આવી રીતે ઐશ્વર્યતાનું અભિમાન કરવાથી મનુષ્યને દાસવૃત્તિ પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : હે ભગવાન સુર, અસુર, દેવ, દાનવ, ઇન્દ્ર અને નરેન્દ્રો દ્વારા મનુષ્ય પૂજનિક કયા શુભ કામોથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે મન, વચન અને કાયાથી શુદ્ધ ભાવથી અખંડ બ્રહ્મચર્ય પાળ્યું હોય તે મનુષ્ય ઇન્દ્ર, નરેન્દ્રો દ્વારા પૂજનીય થાય છે.


**શ્રી સૌરાષ્ટ્ર દશ તાલુકા સ્થાનકવાસી જૈન સમાજ, મલાડ**

રવિરાજ એપાર્ટમેન્ટ, એ વિંગ, બ્લોક નં. ૧, ગ્રા. ફ્લોર, મામલતદાર વાડી રોડ નં. ૩, મલાડ (વે), મુંબઈ-૬૪.

રજિ. નં. ૨૬૧૮ (બોમ્બે) તા. ૩૧-૫-૬૩

ઓફિસ ટાઈમ : ૧૦ થી ૧.૦૦ ટે. : ૨૮૮૮૯૯૪૬

**શ્રી સૌરાષ્ટ્ર દશ તાલુકા સ્થાનકવાસી જૈન સમાજ મલાડ દ્વારા આયોજિત**

**વિસાવદરનિવાસી (હાલ કાંદિવલી)**

**પૂ. માતુશ્રી તારાબેન ચુનીલાલ હીરાચંદ મોદી**

**પ્રેરિત**

**વેવિશાળ પરિચય સંમેલન**

**તા. ૪-૧૦-૨૦૧૫ રવિવારના**

રોજ એન. એલ. હાઈ સ્કૂલ, જગમોહનદાસ હૉલ, એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ)માં આયોજન કરેલ છે.

યુવક-યુવતી ગુજરાતી જૈન પરિવારનો સભ્ય હોવો જરૂરી છે. વહેલો તે પહેલાના ધોરણે સંસ્થાની ઑફિસે નામ લખાવવા વિનંતી. નામ સ્વીકારવાનો કે રદ કરવાનો અધિકાર સંસ્થાનો રહેશે.

તથા

**૩૫મા સમૂહલગ્ન સમારોહ**

**નું આયોજન તા. ૬-૧૨-૨૦૧૫, રવિવારના રોજ કરવામાં આવેલ છે.**

**લગ્ન સ્થળ : રામલીલા મેદાન, ગૌશાળા લેન, હીરાબજારની બાજુમાં, મલાડ (ઈ), મું-૯૭.**

**લિ. પ્રમુખ**

**શ્રી દિનેશભાઈ પરમાણંદદાસ સંઘરાજકા**

**તથા કારોબારી સભ્યો**

**Email Id : dastaluka@gmail.com**

**: સંપર્ક નામ :**

| | |
|---|---|
| કિશોરભાઈ દોશી | ૯૩૨૩૨૫૫૪૫૧ |
| હિતેશભાઈ અજમેરા | ૯૮૨૦૬૨૦૬૧૩ |
| સુરેશભાઈ સુતરિયા | ૯૮૧૯૮૩૮૪૬૯ |
| અનિલભાઈ ગાંધી | ૯૩૨૨૦૧૬૧૮૩ |
| પ્રફુલ્લભાઈ કામદાર | ૯૮૨૦૮૭૭૦૪૦ |

ADVT.

# ક્યાં છે નિષ્ઠાવાન સમર્પિત કાર્યકરો

■ રશ્મિકાંત જેવતલાલ શાહ (ઉપપ્રમુખ-જે.જે.સી.-સાયન-માટુંગા)

છેલ્લાં ઘણાં વર્ષોથી મુંબઈની ઘણી સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ જોડે સંકળાવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું છે. આ ઉપરાંત સ્થાનિક સંઘમાં પણ સક્રિય રહેવાનું પુણ્યબળ પ્રાપ્ત થયું છે. આને સેવાપ્રવૃત્તિ ન ગણતા માત્ર મારા અંતરના આનંદ અને સંતોષ માટેનું હું કારણ ગણું છે. છેલ્લા કેટલાય સમયથી લગભગ તમામ સંસ્થાઓ એક મોટી સમસ્યાથી પીડાતી દેખાઈ. દરેક સંસ્થા-સંઘને આર્થિક મદદ આપે તેવા દાતાની જરૂર તો છે જ, પણ આ દાતોઓની દાન સાથેની જોડિયા શરતો ખૂબ જ મૂંઝવનારી હોય છે. સંસ્થાઓ તરફથી સખી દાતાઓનાં નામ અને દાનને યોગ્ય સન્માન મળે તેવી વ્યવસ્થા થતી જ હોય છે, પણ 'હજી વધુ'ની ઈચ્છાઓને કારણે દાન કરતાં દાતાઓનું મૂલ્ય વધારવાનો પ્રયત્ન કરવો પડતો હોય છે. જે કાર્ય અને પ્રવૃત્તિનો આપણાં શાસ્ત્રોમાં નિષેધ માનવામાં આવ્યો છે તેની જ પુષ્ટિ કરવી પડતી હોય છે.

આ કરતાંય મોટી સમસ્યા જે લગભગ તમામ સંસ્થા-સંઘોને સહન કરવી પડતી હોય છે તે છે નિષ્ઠાવાન અને સંસ્થાના હેતુને સમર્પિત કાર્યકર્તાઓની. સંસ્થા રજિસ્ટર્ડ ટ્રસ્ટ હોય એટલે સમયાંતરે ચૂંટણી થવાની જ. આ ચૂંટણીમાં જરૂરિયાત કરતાં વધુ ઉમેદવારો જોડાતા ચૂંટણી આવશ્યક બની જાય છે. સેવાભાવી સંસ્થાના કાર્યમાં જોડાવા હરીફાઈ થાય એને આપણે હકારાત્મક બાબત ગણીએ, પણ ચૂંટણીપ્રચાર અને જીતવા માટેની ખેંચતાણ જોઈને ગ્લાનિ થાય છે. અપનાવાલાને જિતાડવા મતદારોને ખેંચી લાવવામાં આવે છે. ક્યારેક તો વળી પ્રલોભનો પણ આપવામાં આવે છે. આવી ચૂંટણીનાં પરિણામો એકાદ જૂથમાં અસંતોષ અને નારાજીનો દાવાનળ પેટાવી જાય છે.

આટલું હોવા છતાંય ત્યાર બાદ સંસ્થાના પદાધિકારી બનવા અને બનાવવામાં ભારે હોડ લાગી હોય છે. આવી સ્પર્ધાઓ ચોક્કસપણે સંસ્થાની પ્રવૃત્તિઓ તથા વિકાસને રૂંધતી હોય છે. વહાલા વાચકો, આ બધી પરિસ્થિતિઓમાં પણ અંતે નિષ્ઠાવાન, સેવાભાવી, સક્રિય, સમર્પિત કાર્યકરો ક્યાં? પોતાના જીવનનો અમુક સમય સંસ્થાના વિકાસ માટે આપી શકે તેવા સેવાની સૂઝ ધરાવતા કાર્યકરો શોધ્યા નથી જડતા. ઘણી સંસ્થાઓ પાસે મોટું ફંડ-મૂડી હોવા છતાંય કાર્યકરોને અભાવે નિષ્ક્રિય થઈ ગઈ છે.

જૈન સંઘોમાં પણ સક્રિય કાર્ય કરવા, જોવા કોઈ આગળ નથી આવતું. જે કોઈ ચૂંટાય/નિમાય છે તેઓ મોટે ભાગે સશક્ત નથી હોતા. જીવનની પાછલી સંધ્યાએ સંસ્થાના મૅનેજમેન્ટમાં ગોઠવાઈ જઈને સેવાના ગુણગાન કરાવનારી વ્યક્તિઓની કમી નથી, પણ દરેક સંસ્થા-સંઘમાં નિસ્પૃહભાવે સેવા કરનારાઓની સંખ્યા કેટલી? ચૂંટાયેલા સભ્યોમાંથી ભાગ્યે જ ૧૦થી ૨૦ ટકા જેટલી વ્યક્તિઓ મળી આવશે. બાકીના સભ્યો સૂચનો/વિરોધ કરનારા અથવા ટેકો દેનારા જ રહેશે. આવા મંચ અને ખુરશી શોભાવનારા કહેવાતા 'સમાજપ્રેમી' વળી સંનિષ્ઠ, પ્રામાણિક અને સમર્પિત ક્યાંથી રહેવાના!

મારે આજે તમામ સંસ્થાઓ, સમાજ, જ્ઞાતિ તથા સંઘોને નમ્ર અપીલ કરવી છે. યોગ્ય, યુવાન અને નિષ્ઠાવાન કાર્યકરો તથા સ્વયંસેવકોની ટીમ તૈયાર કરવાનો સમય આવી ગયો છે. હુંસાતુંસી, ચડસાચડસી અને હરીફાઈથી દૂર રહેવા ઘણી યોગ્ય વ્યક્તિઓ સમાજસેવાના કાર્યમાં આગળ આવતી નથી. આવા કાર્યકરોને શોધીને તેમને યોગ્ય પ્રોત્સાહન અને પ્રેરણાબળ આપીને સમાજસેવાના કાર્યમાં જોડવા જરૂરી બન્યું છે. વર્તમાન પરિસ્થિતિમાં સારી વિકાસ યોજનાઓ હશે, તો તેને આર્થિક સહયોગ આપનારા મળી જ રહેશે, પણ જો યોગ્ય કાર્યકર્તા નહીં મળે તો આખું આયોજન ધારી સફળતા નહીં મેળવી શકે. ખોટા માણસોના હાથમાં 'સમાજસેવા'નું કામ ન સોંપતા સાચા અને સારા કાર્યકરોને લઈને જો આયોજન પ્રવૃત્તિઓ થાય તો ચોક્કસપણે ધારી સફળતા મળે. આ સેવાયજ્ઞમાં વિવિધ ક્ષેત્રના જાણકારો મળી જાય તો સેવાકાર્ય દીપી ઉઠે. ચોક્કસપણે આ કાર્યવાહી સંસ્થાની ટોચની નેતાગીરી, પ્રમુખ, ટ્રસ્ટીઓ વ. લોકોએ મળીને કરવાની છે. આશા રાખીએ એક સભ્ય, સુસંસ્કૃત અને સેવાભાવી સમાજને ઉત્કૃષ્ટ કામગીરી કરતો રાખવો આપણી પવિત્ર ફરજ છે.

# ભારતનો મહાગુરુ-ગુજરાતનો તપસ્વી-મહાત્મા મોહનદાસ ગાંધી

■ કિરણ શાહ - ભૂતપૂર્વ ચૅરમૅન

ગાંધીજીના જીવનમાં કોઈ સત્ય હોય તો તે એ જ કે તેઓ સત્યને જીવવા માટે અંત સુધી મથતા રહ્યા. ગાંધીજીનું જીવન એટલે જિવાયેલા સત્યની ગાથા, જેમાં તેમણે ચોમેરથી સત્યને ગ્રહણ કર્યું. જીવનના છેલ્લા શ્વાસ સુધી નિરંતર સત્યને માટે લડનાર ગાંધીજીએ પોતાના સર્વસ્વને અને છેલ્લે તો તેમના પાર્થિવ શરીરને પણ સત્યના યજ્ઞમાં હોમી દીધું. પોતાની કારકિર્દીની પરાકાષ્ઠાને સમયે અને જાણે જીવનભરની સેવાના બદલારૂપ હોય તેમ ખૂની ગોળીઓ પોતાના દિલમાં કશી પણ ઈતરાજી કે ક્રોધ વિના, રામનું રટણ કરતાં ઝીલી.

ઈતિહાસમાં નજર કરીએ તો કૃષ્ણથી માંડી ગાંધી સુધી અનેક વિભૂતિઓએ પોતાનાં જીવન આદર્શ વહેવારમાં મૂકવાનો અત્યંત્ય નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કર્યો છે અને તેની મથામણ કરી છે, પણ તેમાં ગાંધીજી અનોખા હતા, આધુનિક હતા, કારણકે તે કાયમ સત્યને વળગી રહેતા, નીતિ-નિયમને સર્વોપરી ગણતા, વચન પાળતા, માથે લીધેલું કામ પૂરું કરતા, સહિષ્ણુ હતા, દરજ્જાનો, સત્તાનો, સંપત્તિનો ખયાલ કર્યા વગર સૌ પ્રત્યે સમાન સૌજન્ય દાખવતા. દલિતો, દુર્ભાગીઓ, દરિદ્રો માટે સતત કામ કરતા રહેતા.

ગાંધીજીએ રાજનીતિનું શુદ્ધીકરણ કરવાના જેટલા પ્રયાસ કર્યા એટલા દુનિયાના કોઈ પણ મહામાનવે નથી કર્યા. રાજનીતિમાં રહેવા છતાં સત્ય પર સતત દૃષ્ટિ રાખીને કામ કર્યું. સત્ય પર દૃષ્ટિ હતી તેને તેઓ સહેજ પણ વિચલિત નહોતા થવા દેતા. તેમણે રાજકારણમાં આધ્યાત્મિકરણની કોશિશ કરી.

આજથી લગભગ ૯૩ વર્ષ પહેલાં 'યંગ ઈન્ડિયા'માં ૨૨ ઑક્ટોબર, ૧૯૨૫માં ગાંધીજીએ 'સાત સામાજિક અપરાધ' 'સેવન સોશિયલ સિન્સ' પર નીચે પ્રમાણે લખ્યું હતું, જે આજે પણ એટલું જ મહત્ત્વનું છેઃ

૧) સિદ્ધાંત વિનાનું રાજકારણ
૨) શ્રમ વિનાની સંપત્તિ
૩) વિવેક વિનાનો ઉપભોગ
૪) ચારિત્ર્ય વિનાનું જ્ઞાન
૫) નીતિનિયમો વિનાનું જ્ઞાન
૬) માનવતા વિનાનું વિજ્ઞાન
૭) ત્યાગ વિનાની ભક્તિ

આ સૂચિમાં આઠમા અપરાધનો ગાંધીજીના પૌત્ર અરુણ ગાંધીએ ઉમેરો કર્યો હતો.

૮) કર્તવ્યપાલન વિનાના અધિકાર

આજે પણ ઘણા દુઃખ સાથે કહેવું પડે છે કે બાપુની આ સત્યનિષ્ઠ રાજનીતિની થોડીઘણી અસર પણ દેશના સામાજિક કે રાજકારણ પર થઈ નથી.

ભારતની આઝાદીને ૬૮ વર્ષ થઈ ગયાં છે અને આ દાયકાઓમાં હજી પણ કોમવાદનો અજગર ભરડો લઈને બેઠો જ છે. મોટા ભાગના રાજકીય પક્ષો આ વૈમનસ્યતાના જોરે મત મેળવવા જોર કરતા જણાય છે. દેશમાં આજે જે ચાલી રહ્યું છે તે ચિંતાજનક છે. લોકોમાં અને લોકપ્રતિનિધિમાં પ્રામાણિકતા, સજ્જનતા, સરળતા, સાદગી, દેશપ્રેમ, દેશદાઝ ઘટતાં જાય છે. આજે પણ દેશ શોષકો અને શાપિતોના બે સમુદાયમાં વહેંચાયેલો છે. આપણો દેશ વિરોધાભાસનો બનતો જાય છે. અહીં તલસ્પર્શી જ્ઞાન હોવા છતાં લોકોમાં ઘણું અજ્ઞાન છે. ઉચ્ચ આધ્યાત્મિકતા હોવા છતાં અંધશ્રદ્ધા, વહેમો, ખોટી માન્યતાઓ અને વસુધૈવ કુટુંબકમના સિદ્ધાંતોને વરેલો આપણો દેશ જાતીય અને પ્રાંતીય સંકુચિતતાનો દેશ બનતો જાય છે. માહિતીની

ક્ષિતિજો પહોળી થતી જાય છે, પણ જ્ઞાનની ક્ષિતિજો સંકીર્ણ થતી જાય છે. ગાંધીજીએ એમના સમયમાં ભારતની આ કમનસીબીનો અહેસાસ કરેલો. એમની કરુણાભીની અને અર્થશોધક આંખોએ જોયું કે હિન્દુસ્તાન ગામડાંમાં વસેલો છે અને ગામડાં ઉકરડાના ટેકરાઓ વચ્ચે છે. એ ગંદકી અને રોગોનું કેન્દ્ર છે. ન્યાતજાત અને અસ્પૃશ્યતા વગેરેના ઝેર છે. એમણે કહ્યું ગામડાં સાફ કરો અને એની અખૂટ સ્વજીવ અને નિર્જીવ સંપત્તિવર્ધક સામગ્રીનું સંયોજન કરો. તેને ઐક્ય અને ઉધ્યોગોથી ભરી દો. 'ગામડે જાઓ' એ ગાંધીબાણથી વીંધાઈને કેટલા બધા વીરલાઓએ ગામડાંના ઉત્કર્ષનો માર્ગ અપનાવ્યો અને એમનું જીવન ગામડાંના ઉત્કર્ષ માટે સમર્પિત કર્યું. આ બતાવે છે કે ગાંધીજીનું વલણ કર્મ તરફ હતું. ગાંધીજીનો ધર્મ કાર્યલક્ષી હતો.

ગાંધીજીની દૃષ્ટિ જીવનના એકેએક પ્રશ્ન પર ફરી વળી છે અને એટલે જ એમણે હિંદના દરેક પ્રદેશમાં કામ કર્યું છે. તેઓ દૃઢપણે માનતા કે પ્રજા યોગ્ય કેળવણી પામેલી ન હોય તો લોકશાહી વ્યર્થ છે. તેઓ માનતા કે સમસ્ત પ્રજામાં રાષ્ટ્રીય કેળવણી દ્વારા આધ્યાત્મિક તેજ પેદા કર્યા વગર પ્રજાકીય ઉત્થાન શક્ય નથી.

ગાંધીજીએ સુપ્ત ભારતને તેમ જ આખી દુનિયાને પ્રજાશક્તિનો નવો ચમત્કાર બતાવ્યો, સ્વરાજ મેળવ્યું, જોયું, પણ એમાંનો છાંટભાર અધિકાર પણ પોતાના હાથમાં ન રાખ્યો. સ્વરાજ માટે દેશને તૈયાર કર્યો અને અહિંસક ઢબે સ્વતંત્રતા મેળવી. અહિંસા આખી દુનિયાને આવરી શકે છે તેમ તેઓ માનતા. અહિંસાની તાકાતનું રહસ્ય તેઓ પામ્યા હતા અને તેમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને પ્રજા દ્વારા જગતને અદ્વિતીય એવી અહિંસક ક્રાંતિ કરી દેખાડી.

૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મી તારીખે શુક્રવારે જ્યારે ગાંધીજીનું મૃત્યુ થયું તે દિવસે પણ તે ભારતના એક સામાન્ય માનવી હતા. એમની પાસે ધન નહોતું, સંપત્તિ નહોતી. એ કોઈ સરકારી પદ પર ન હતા, છતાં દુનિયાના કરોડો લોકોએ પોતાનું સ્વજન ગુમાવ્યું હોય તેમ આંસુ સાર્યાં.

આજના યુગમાં ઈતિહાસમાં કોઈ વ્યક્તિ માટે આટલી ઊંડી, વ્યાપક, શોકની લાગણી વ્યક્ત થઈ નથી. તેઓ મૃત્યુ પામ્યા ત્યારે તેમની પાસે ઘડિયાળ, ચશ્માં, ચંપલ, જમવાનાં બે-ત્રણ વાસણ, બે-ત્રણ જોડી ધોતી, ચાદર સહિત માત્ર દસ જ વસ્તુઓ હતી.

અપરિગ્રહનું આવું અજોડ ઉદાહરણ ઈતિહાસમાં કે ભવિષ્યમાં નહીં મળે અને ઈતિહાસમાં હજુ સુધી કોઈ વ્યક્તિએ મહાબળવાન પ્રતિપક્ષીઓને સામેની લાંબી, વિકટ લડત પણ સચ્ચાઈ, દયા, ત્યાગ, વિનય, સેવાવૃત્તિ અને અહિંસાયુક્ત વ્યવાર દ્વારા ચલાવવાનો પ્રયત્ન નથી કર્યો અને તે પણ આટલી સફળતાની સાથે.

આવો મહાપુરુષ કદી મરતો નથી 'તે જીવે છે, તે જાગે છે, મૃત્યુ મરણ પામે છે, તે નહીં.'

ગાંધીયુગના કવિઓની ગાંધીજી માટે તેમના મૃત્યુ સમયે કાવ્યાંજલિ...

શ્રી હરિહર ભટ્ટ
*સત્યના સંત*
*કોટી કોટી વંદન તને છે અમારા!*
*વિજયી હો જીવન સંદેશ તમારા!*

શ્રી મનસુખલાલ ઝવેરી
*નયનો ના રડો!*
*હૃદય ધીરજ ધરો!*
*ગાંધીનું જીવન તે વિજય છે જીવનનો !!*
*ગાંધીનું મૃત્યુ છે વિજય માનવ્યનો !!*

શ્રી રમણ કોઠારી
*તારી હયાતીમાં ગાંધી ! માનવતા મ્હોરતી*
*સત્ય, શ્રદ્ધા, અહિંસા, જે તું જાતા બધુંય ગયું !!*

શ્રી ભરત વ્યાસ
*ઓ દિલ્હીના રાજઘાટ !*
*તું તીર્થરાજ પવિત્ર વિરાટ થઈ ગયો !*
*તારા તટ પર ચીર સમાધિ લઈ*
*ભારતનો સમ્રાટ સૂઈ ગયો.*

# બા તને હું ક્યાં રાખું ?

■ હરીશ શાંતિલાલ મહેતા

મરાઠી રંગમંચ, ટી.વી., ફિલ્મોની જાજરમાન અભિનેત્રીને ગુજરાતી રંગમંચ પર ઠસ્સાદાર પાત્ર ભજવતાં જોઈ આપણને આનંદ થાય. ક્યારેક આવાં સામાજિક નાટકો આપણી આંખો ખોલનારાં થઈ જાય છે. ગામડાં તૂટતાં ગયાં અને નગરો-મહાનગરો વસતાં ગયાં. સાથે-સાથે નવી સંસ્કૃતિ આવી. સંયુક્ત પરિવારો તૂટતા ગયા અને હું, મારી પત્ની અને બાળકોવાળાં માઈક્રો ફૅમિલીઓ અસ્તિત્વમાં આવ્યાં. આમાં ઘરના વડીલો, મા-બાપનું સ્થાન ક્યાં ?

થોડાં વર્ષો પૂર્વે બાગબાં ફિલ્મ જોઈ હતી. અમિતાભ બચ્ચનનો પીઢ રોલ એટલે ભારે જમાવટ કરી દીધી હતી બાપુએ. ત્યારે પણ આ સામાજિક સમસ્યા પર ભારે ચર્ચાઓ ચાલી હતી. કુટુંબો ભાંગતાં ગયાં. પૈસાની મર્યાદાને કારણે મા-બાપે મૂળ જગ્યા વેચીને દીકરાઓને ભારે હૈયે છૂટા કર્યા. આપણે પ્રેમ જાળવી રાખીશું તેવા કૉલ દેવાયા, પણ પછી સગાં સૌ સ્વાર્થનાં બની ગયાં. કમતે મા-બાપે મૂળ જગ્યા વેચવાની ભૂલ કરી હતી તે ભારે પડી. જિંદગીઆખીની કમાણી ફ્લૅટ ખરીદવામાં સમાણી. હવે પ્રશ્ન ઊભો થયો મા-બાપને રાખવાનો સારા, સંસ્કારી અને સૌજન્યશીલ કહેવાતા પરિવારોમાં પણ આ સમસ્યાઓ ઊભી થઈ. પેટનો જણ્યો દીકરો અને પારકી દીકરી પુત્રવધૂને હવે વડીલો ખૂંચવા માંડ્યા. આ સામાજિક અન્યાય અને અસમતોલતા અંગે ધર્મગુરુઓ આપણને સદાય ચેતવતા. અનુભવી સામાજિક આગેવાનોએ પણ સૌને સમજાવવામાં બાકી ન રાખ્યું કે ભાઈ બધો ધનવૈભવ વારસદારોના નામે ન કરતા. અડધી મૂડી હાથમાં રાખો, પાછલી જિંદગીમાં ઓશિયાળા થઈને નહીં રહેવું પડે.

નાટકમાં તો સુખાન્ત આવે છે, પણ ખરેખર સામાન્ય સંજોગોમાં મા-બાપ રીતસર ફંગોળાતાં હોય છે. એમાં પણ માંદગી આવી તો બારે વહાણ બૂડ્યાં જ સમજો. બસ આ જ કારણોસર વૃદ્ધાશ્રમોની વૃદ્ધિ થવા માંડી. માત્ર ધર્મભાવના અને માનવતાને ધોરણે ચાલતા વૃદ્ધાશ્રમોને બદલે હવે ધંધાદારી વૃદ્ધાશ્રમો પણ બંધાવા માંડ્યા. પાછલી જિંદગી એકલવાયી ન બની રહે તે માટે વૃદ્ધોનો સમુદાય સુખે-દુઃખે સાથે રહેવાની ટેવો પાડવા માંડ્યો. કોઈ પણ સંજોગોમાં આ આવકારદાયક વ્યવસ્થા નથી, પણ સંજોગો નામનો રૂપકડો શબ્દ હવે વપરાશમાં આવ્યો. આવા સંજોગોમાં મા-બાપમાંથી કાળાંતરે એક પાત્ર ઓછું થાય તો બાકીના પાત્રને જીવવું દોજખ લાગે.

સુજ્ઞ વાચકો, આપણા સમાજમાં હજી પણ ઘણા સમજુ, શાણા અને વ્યવહારુ વડીલોને આપણે જોયા છે જે ગમે તેવા સંજોગોમાં સંતાનોને સહકાર આપશે, પણ પોતાની મિલકત, મૂડી પોતાની પાસે જ સંભાળીને રાખશે, તેનું યોગ્ય આયોજન કરી રાખશે જે પાછલી જિંદગીમાં પોતાને તથા પોતાના સહપાત્રને મદદરૂપ બને.

બાળપણમાં એક વાર્તા સાંભળી હતી. એક વડીલે પોતાની તમામ મૂડી સંતાનોના નામે કરી દીધી અને ભાગ પડી ગયા, મળી ગયા પછી સૌએ વડીલો પ્રત્યે માયા-મમતા ઓછી કરી નાખી. વડીલ મૂંઝાયા. તેમણે પોતાની સમસ્યા પોતાના અનુભવી મિત્રને કરી. પેલા મિત્રએ તેમને સંપત્તિના ભાગ પાડી નાખવાની ભૂલ બદલ ઠપકો આપ્યો. હવે તેમણે એક યુક્તિ કરી. સંતાનો એમ સમજતાં હતાં કે બાપુ હવે ઠનઠન ગોપાલ છે. અનુભવી મિત્રની યોજના મુજબ એક ટીનના ડબ્બામાં કાંકરા ભરીને વડીલ રોજ રાતના ખખડાવે. સંતાનો સમજ્યાં કે બાપુજી પાસે હજી દલ્લો છે. બસ બીજે દિવસથી બાપુની સરભરા થવા માંડી. બાપુની જાહોજલાલી પાછી આવી ગઈ. આ સમગ્ર વ્યવસ્થામાં ધન, વૈભવ, સંપત્તિ અને જાહોજલાલી મુખ્ય છે. સંસ્કાર, સભ્યતા, સૌમ્યતા, સજ્જનતા નામની કોઈ ખાસ બોલબાલા નથી.

જોકે, હવે મહારાષ્ટ્ર સરકારે કાયદાકીય હથિયાર વડીલોને આપ્યું છે, પણ પોતાના જ પેટજણ્યાની સામે કોણ કાયદાના જંગે ચડવાનું. થાકેલાં, હારેલાં, ફસાયેલાં અને પસ્તાતાં મા-બાપો જાણે છે કે કદાચ પોતાનો દીકરો તેની પત્નીના આવેશમાં આવી લાચાર બની ગયો હોય,

પણ આ આખી પરિસ્થિતિ સર્જાતી અટકાવવા માટે વડીલો તથા મા-બાપે સાવધાન રહેવું જોઈએ.

હમણાં વૉટ્સ ઍપ પર એક મૅસેજ વાઈરલ થયો છે. રક્ષાબંધન પ્રસંગે એક બહેનના નામનો મૅસેજ ભાઈને વિનવણી કરે છે કે, ''રક્ષાબંધને તું ભેટસોગાદ કંઈ ન આપતો, બસ આપણાં મા-બાપની સારસંભાળ રાખજે. ઈશ્વર તને સુખી કરે.'' પરણેલી બહેનો ભાઈને જે ભલામણ કરે છે તેવી જ કાળજી સાસરે રહીને પોતાનાં વૃદ્ધ સાસુ-સસરાની સરભરા કરે તો. કેવા સુખી દિવસો આવે!

ભલે આ એક સામાજિક સમસ્યા હોય. બા તને હું ક્યાં રાખું? કદાચ બાપુ જીવતા હોત તો બાને ઓશિયાળાં ન થવું પડત. હાથમાં ટેકણલાકડી લઈને પણ બા ઠસ્સાદાર જીવન જીવત. બાપુ જીવતે જીવ બા માટે મોટી આર્થિક વ્યવસ્થા કરી ગયા હોય તો બાને ઢીંચણના ઑપરેશન માટે કે નાની-મોટી બીમારી માટે દીકરાનો આધાર લેવાની જરૂર ઓછી પડે. ગમે તે સંજોગો હોય, મા-બાપને સંતાનો પ્રત્યેથી પ્રેમ, લાગણી, હેત અને હૂંફની અપેક્ષા રહેવાની જ અને સંતાનો તરફથી મળતા સુખથી મા-બાપની આંતરડી ઠરેલી રહેવાની અને સદાય મંગલ આશીર્વાદો વરસાવતી રહેવાની. વૃદ્ધ મા-બાપનાં માન અને આમાન્ય સાચવનારાં ઘણાં સુખી સંતાનો આજે પણ સમાજમાં નોખાં તરી આવે છે.

# સાવધાન : સતત ટી.વી. જોવું હાનિકારક

■ લલિતકુમાર હેમાણી

કસરતનો અભાવ અને બેઠાડું જીવનપદ્ધતિના કારણે આપણા આરોગ્ય પર કેવી વિપરીત અસર થાય છે તે આપણે જાણીએ છીએ, પરંતુ લાંબા સમય સુધી સતત ટેલિવિઝન જોતાં બેસી રહેવાથી પણ ખૂબ જ હાનિ થાય છે એ હકીકતથી આપણામાંથી ઘણા લોકો અજાણ હશે. આનું તારણ એક સંસ્થા દ્વારા સર્વે કરીને તૈયાર કરેલા એક અહેવાલમાં વાંચવા મળે છે.

દિવસમાં પાંચ કલાકથી વધુ સમય ટી.વી. જોવાથી ફેફસાંને લોહીનો પુરવઠો પહોંચાડનાર રક્તવાહિનીમાં લોહીની ગાંઠ પેદા થાય છે અને હૃદયરોગનો હુમલો (પલ્મોનરી એમ્બોલિઝમ) આવી શકે છે અને તેનાથી મૃત્યુ પણ થઈ શકે છે.

એક જ જગ્યાએ લાંબા સમય સુધી બેસી રહેવાથી મનુષ્ય આ પ્રકારની તકલીફનો ભોગ બની શકે છે. આ હકીકત સર્વ પ્રથમ બીજા વિશ્વયુદ્ધમાં હવાઈહુમલાથી રક્ષણ મળે તે માટે લંડનના એક ભૂગર્ભમાં આશ્રય માટે છુપાયેલા નાગરિકોની બાબતમાં ધ્યાનમાં આવી. ત્યાર બાદ વિમાનના ઈકોનોમી ક્લાસમાં લાંબા અંતરની મુસાફરી કરનારા પ્રવાસીઓને આવો ત્રાસ થતો હોવાનું જાણવા મળ્યું. તેને ઈકોનોમી ક્લાસ સિન્ડ્રોમ કહેવાય છે. જાપાનની ઓસાકા યુનિવર્સિટીના આરોગ્ય બાબતના સંશોધક તોરૂ શિરાકાવાનો આવો મત છે.

આ તકલીફનાં લક્ષણો અચાનક દેખાવા લાગે છે. મોટા ભાગે રક્તવાહિનીમાં તૈયાર થયેલી લોહીની ગાંઠ ફેફસાંમાંની રક્તવાહિનીઓમાં દાખલ થઈને અટકી જાય છે. એટલે આ તકલીફ થાય છે. તકલીફ વધી જાય તો હૃદયરોગનો હુમલો આવી શકે છે.

આ સંદર્ભમાં ૧૯૮૮થી ૧૯૯૦ના સમયગાળામાં ૮૬,૦૨૪ નાગરિકો પર પ્રયોગ કરવામાં આવ્યા. તેમનું સન ૨૦૦૯ સુધી સતત નિરીક્ષણ કરવામાં આવ્યું. તેમાં વ્યક્તિએ અઢી કલાક સુધી ટી.વી. જોવું, અઢીથી પાંચ કલાક અને પાંચ કલાકથી વધુ સમય ટી.વી. જોનારાઓના વિભાગ કરવામાં આવ્યા.

દરરોજ પાંચ કલાકથી વધુ સમય ટી.વી. જોનારાઓને આ તકલીફનું જોખમ વધુ હોવાનું જણાઈ આવ્યું. તેવી જ રીતે આના પર ઉંમરની પણ અસર થાય છે તેવું જાણવા મળ્યું. જેમણે ઉંમરનાં સાઠ વર્ષ પૂરાં કર્યાં હતાં તેઓએ દિવસના પાંચ કલાકથી વધુ સમય ટી.વી. જોયું તો જોખમનો સ્તર બીજી વ્યક્તિઓ કરતાં છ ગણો વધી જતો હતો. વળી, સાઠથી મોટી ઉંમરના લોકોએ અઢીથી વધુ કલા ટી.વી. જોયું તો જોખમનો સ્તર ત્રણ ગણો વધી જતો હતો એમ એ સર્વેમાં જણાવવામાં આવ્યું છે.

## BIO DATA



**Name** : **BHAVIN KAMLESH MEHTA**
**Bd/Bp/Bt** : 20-3-1990 / Mumbai / 12.59 pm
**Complexion** : Fair
**Height** : 5'-11" * **Weight** : 60 kg
**School Name** : The New Era School, Gowalia Tank
**College Name:** B.Com. from KPB Hinduja College, Charni Road
**Education** : MMS in Finance from Welingkar Institute of Management
**Hobbies** : Sports and Travelling
**Caste** : Machchukantha Visha Shrimali Samaj - Jain Deravasi
**Native** : Wankaner-Saurashtra
**Business** : Family Business in Electrical Goods
**Father** : Shri Kamlesh Shashikant Mehta
Mob.: 9820144126
**Mother** : Roopa Kamlesh Mehta, Mob.: 9869757808
**Gr. Father** : Shri Shashikant Pranjivandas Mehta
**Gr. Mother** : Sarojben Shashikant Mehta
**Mosal Family** : Rameshbhai Gopalji Sanghvi (Rangperbela)
**Father Busi.** : Business in Electrical Goods
P. D. Jain & Bros., 123, Lohar Chawl,
Mumbai - 2. Email-pdjain111@gmail.com
**Residence** : C-41, Sarvodaya Nagar,
Panjrapole Lane, C.P. Tank,
Mumbai - 400 004.
**Contact No.** : Office-22085882 / 22084718
Residence - 22425666
**Email** : kamlesh9820144126@yahoo.com.

ADVT.

## BIO DATA



**Name** : **KINJAL SUDHIR SHAH**
**Bd/Bp/Bt** : 31-8-1986 / Mulund / 12.31 pm
(Even Boy having Shani/Manglik can also contact)
**Complexion** : Fair
**Height** : 5'-4" * **Weight** : 60 kg
**Caste & Religion:** Dasha Shrimali Sthanakwasi Jain
**Native** : Mangrol (Saurashtra)
**Qualification** : M.Com. (Mumbai University)
: B.Com. (SIES College, Sion, Mumbai)
: Diploma in Fashion Designing (B.D.Somani)
**Work** : Earlier worked in CRISIL, PWC
**Expe.** Currently working with SYNTEL, Mumbai
**Father** : Shri Sudhir Prabhudas Shah (B.Sc.,D.M.S.)
**Business** : Manufacturer & Exporters of Engineering Parts-M/s. Supra Quality Exports (India) Pvt. Ltd., Mumbai
**Mother** : Mrs. Bharati Sudhir Shah (B.A. Mumbai)
**Brother** : Kunal Sudhir Shah (Elder, Married)
B.E. (Bombay), M.M.S. (Bombay), M.S. (USA)
**Gr. Father** : Late Prabhudas Virji Shah
**Gr. Mother** : Late Prabhaben Prabhudas Shah
**Residence** : A-1/102/103/104, Veena Nagar,
L.B.S. Marg, Mulund (W), Mumbai-400080
**Contact** : (Resi.) 21644278 & 67977345
: Sudhir:9820124294 / Bharati: 9820897757
**Hobbies** : Dancing, Travelling, Listening Music
**Email** : sudhirshah1152@gmail.com
shahkinjal86@gmail.com
**Preference:** Jain, Well Educated and Settled in Mumbai

ADVT.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | હેમલ જયંત લાથિયા, ૨૨-૯-૧૯૮૪, ૬'-૦''<br>બી.ઈ. (આઈ.ટી.), - | —<br>અંધેરી | (ઘર) ૨૮૩૯૦૯૮૯<br>૨૬૮૩૮૪૨૦ |
| ૨) | કુણાલ દીપક સરવૈયા, ૩૧-૩-૧૯૮૨, ૫'-૯''<br>બી.કૉમ., | ઘોઘારી દશા શ્રીમાળી સ્થા.જૈન<br>ભાવનગર – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૫૩૬૫<br>(મો) ૯૮૧૯૪૮૭૭૬૬ |
| ૩) | પારસ વીરેન્દ્ર શાહ, ૨૬-૨-૧૯૮૬, ૫'-૧૦''<br>બી.કૉમ., એમ.બી.એ.(ફાઈનન્સ), - (મંગળ છે) | વીસા શ્રીમાળી દેરાવાસી જૈન<br>પાટણ – કાંદિવલી | (મો) ૯૩૨૦૯૩૨૦૭૬<br>૯૬૧૯૫૯૯૬૪૪ |
| ૪) | મીનય મહેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>એમ.બી.એ., બી.એમ.એસ. - નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>દિહોર – ભાઈંદર | (ઘર) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૫) | ચિંતન વીરેન્દ્ર મહેતા, ૧૩-૧-૧૯૮૯, ૫'-૧૦''<br>બી.કૉમ., સી.એ., એલ.એલ.બી., – | સ્થાનકવાસી જૈન<br>મોરબી - ઘાટકોપર | (ઘર) ૨૫૧૨૧૦૯૩<br>(મો) ૭૫૦૬૧૩૦૦૯૧ |
| ૬) | ચિરાગ જયંત અજમેરા, ૧૮-૮-૧૯૮૧, ૫'-૭''<br>બી.કૉમ. (ડિપ્લોમા કૉમ્પ્યુટર), - (મો.: ૯૮૨૧૬૯૭૦૫૫) | —<br>વિલેપાર્લે | (ઘર) ૨૬૭૧૪૪૫૪<br>(મો) ૯૮૨૧૭૦૯૩૯૪ |
| ૭) | અમિત નલિન શાહ, ૧૯-૨-૧૯૮૩, ૫'-૧૦''<br>બી.કૉમ., એમ.કૉમ. (1 year), - | વીસા ઓશવાળ દેરાવાસી જૈન<br>વેરાવળ – અંધેરી | (ઘર) ૨૬૨૦૯૬૫૬<br>(મો) ૯૮૨૦૪૫૭૦૮૭ |
| ૮) | મયુર ભરત મહેતા, ૫-૧૦-૧૯૮૦, ૫'-૯''<br>એન્જિનિયર બી.ઈ., - | દશા શ્રીમાળી જૈન<br>મોરબી - બોરીવલી | (ઘર) —-<br>(મો) ૯૮૯૦૧૩૬૬૬૨ |
| ૯) | રાજન કિરીટભાઈ મહેતા, ૭-૪-૧૯૮૫, ૫'-૧૦''<br>H.S.C., – બિઝનેસ (પ્રિન્ટિંગ પ્રેસ) (નિર્દોષ છૂટાછેડા) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |
| ૧૦) | મિતુલ અનિલકુમાર સંઘાણી (૩૧-૩-૧૯૮૮) ૫'-૧૧''<br>**C.A., Pursuing ACCA (UK) – સર્વિસ** | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | પૂજા સંતોષકુમાર શાહ, ૧૦-૧૨-૧૯૯૦, ૫'-૩''<br>બી.ઈ. કૉમ્પ્યુટર, - (મંગળ છે) | મૂર્તિપૂજક જૈન<br>ગોધરા - બોરીવલી | (મો) ૯૮૬૯૪૬૪૯૭૧<br>૯૮૬૭૦૬૫૫૭૯ |
| ૨) | અર્પિતા હેમંતભાઈ મહેતા, ૧૨-૬-૧૯૯૧, ૫'-૧''<br>એમ.બી.એ., - | ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ<br>મહુવા – સાયન | (મો) ૯૮૩૩૨૪૨૪૩૦<br>(મો) ૯૮૨૦૦૭૯૬૯૪ |
| ૩) | ઝલક ડી. શાહ, ૧૨-૧-૧૯૭૦, ૫'-૫''<br>બી.એ., હોમ સાયન્સ (છૂટાછેડા લીધેલ છે) | —<br>અમદાવાદ | (મો) ૯૮૯૮૨૫૪૮૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૪) | પૂજા અનિલભાઇ દેસાઇ, ૬-૧-૧૯૮૪, ૫'-૩''<br>એમ.કૉમ., - | ઘોઘારી સમાજ<br>ભાવનગર - અંધેરી | (ઘર) ૨૬૨૮૫૩૩૧<br>(મો) ૯૭૫૭૧૯૭૫૪૮ |
| ૫) | હાર્દિકા જયકુમાર મુનિ, ૧૧-૧૧-૧૯૭૯, ૫'-૨''<br>બી.કૉમ., એમ.બી.એ., - | —<br>શિહોર - માટુંગા | (ઘર) ૨૪૧૪૨૪૬૦<br>(મો) ૯૮૩૩૫૨૮૬૬૬ |
| ૬) | કરીના દિલીપભાઇ મહેતા, ૨૪-૨-૧૯૯૧, ૫'-૪''<br>બી.કૉમ., - | જામ. હાલારી વીસા શ્રીમાળી જૈન<br>મોતી બંસલ - સાયન | (મો) ૯૮૭૦૪૭૧૩૨૧ |
| ૭) | ઝંખના ગિરીશભાઇ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'-૩''<br>સી.એ., - | સ્થાનકવાસી જૈન<br>માંગરોળ – મુલુંડ | (ઘર) ૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૮) | મેઘા પરેશભાઇ શાહ, ૧૯-૧૦-૧૯૮૭, ૫'-૭''<br>B.Com., M.B.A. (Finance) – (મંગળ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) —<br>(મો) ૯૮૨૧૦૪૧૫૨૦ |
| ૯) | અદિતિ હરીશભાઇ શાહ, ૧૬-૧૨-૧૯૮૩, ૫'-૨''<br>B.Sc. – (જમણા કાનમાં સાધારણ તકલીફ છે) | ઝાલાવાડ દશા શ્રીમાળી સ્થા.જૈન<br>શિહોર - ગોરેગામ | (ઘર) ૨૮૯૧૭૪૨૬<br>(મો) ૯૮૨૦૫૦૯૨૧૨ |
| ૧૦) | જલ્પા જયકાંત શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>B.Com. – (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર- ગોરેગામ | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૧૧) | કૃતિ અશોકભાઇ દોશી, ૧૭-૧૨-૧૯૮૬, ૫'-૧''<br>B.A., Advertising & Animation | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>પાલિતાણા- મુંબઇ | (ઘર) ૨૩૪૨૦૧૫૪<br>(મો) ૯૩૨૦૧૩૦૦૦૮ |


# JJC Rajwadi

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road,
Opp. Standard Chartered Bank, Ghatkopar (E),
Mumbai - 400 077. Email : rajwadisagpan@gmail.com

## રજવાડી સગપણ માહિતી કેંદ્ર

આજકાલ લગ્નોત્સુક યુવક–યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઇ ગઇ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઇ આવે છે... અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઇ મેઇલ આઇડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફીસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

**અમારા ગ્રુપમાં નામ નોંધાવવા** ૧) યુવક/યુવતીના ત્રણ ફોટા / બાયોડેટા ૨) સમય : સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ સોમથી શનિવાર ૩) રજિસ્ટ્રેશન ફી રૂા. 500/ – ભરવાની રહેશે.

Contact :
Sunil Shah - 75062 66440
Praful Mehta - 98200 68297
Harsha Shah - 98336 70028

ADVT.

# Enjoy Holidays with Gem Travels

## Splendid South Africa
**09 N / 10 D**



**₹115999/-** Departure Every Wednesday

## Only Seychelles
**05 N / 06 D**



**₹90000/-** Departure Every Thursday

## Italy with Swiss
**10 N / 11 D**



**EURO 1549** + Airfare + Visa Taxes Departure:Every Sunday

## Beauty Europe
**08 N / 09 D**



**₹49999/- + Euro 1150** Departure Every Thursday & Sunday

## Amazing New Zealand
**13 N / 14 D**



**₹80000/- + NZD 2559**

## DUBAI
**05 N / 06 D**



**₹50000/-** Daily Departure

**INCLUSION: Accommodation, All Meals, All Sightseeing, All Transfers, Services of Indian Tour Manager & Indian Chef, Visa, Tips.**

GEM™ TOURS & TRAVELS PVT. LTD *The Luxury Tour Co.*

- Hemang Doshi +91 9322216626
- Virag Shah +91 9821065854
- Hemen Kanthawala +91 9819084064
- Dolly Jain +91 9004703237

*Address:15th Floor, A wing, Naman Mid Town, Next to India Bulls Finance Centre, Senapati Bapat Marg, Elphinston Road (W), Mumbai 400013. India. Website: www.gemtravels.com*

**HUGHES ROAD:** (022) 2367 7070, **DELHI:** +011 40540012/13, **PARLE:** (022) 26178400, **KHAR:** +91 8291619279, **KANDIVALI:** +91 9920133567, **VASHI:** +91 91 22 41237070, **PUNE:** +91 9326222552, **CHENNAI:** +91 44 26401780, **AHMEDABAD:** +91 792 646 0300, **SURAT:** +91 2613913900, **JAMNAGAR:** +91 9426207014, **BANGALORE:** +91 9840045533, **VASHI:** +91 22 41237070, **GURGAON:** 01244141468

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/09/2015
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MH/MR North East/03/2013-2015






Printed & Published by : **RAMESH JETHALAL MORBIA** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **RAMESH MAGANLAL SANGHVI**